## સુવિચાર

કબુલ કરવાની હિંમત અને સુધારી દેવાની દાનત હોય તો ભૂલમાંથી પણ ઘણું બધું શીખી શકાય છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



નિવૃત કર્મચારી પાસેથી બે લાખની લાંચ લેતા ટ્રસ્ટી ઝડપાયા P-4

Year-16, Issue-54 ■ DATE : 10-06-2025 TUESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# વાહનોનો થર્ડ પાર્ટી વીમો ૧૮% મોંઘો થશે

**ભારતીય વીમા નિયમનકારી અને વિકાસ સત્તામંડળએ મોટર થર્ડ પાર્ટી વીમા પ્રીમિયમમાં સરેરાશ ૧૮%નો વધારો પ્રસ્તાવિત કર્યો દરખાસ્તઃ હાલમાં રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલય દ્વારા સમીક્ષા હેઠળ : જે આગામી બે થી ત્રણ અઠવાડિયામાં તેનો નિર્ણય જાહેર કરે તેવી અપેક્ષા છે**




**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ટૂંક સમયમાં તમારે વાહન વીમો ખરીદવા માટે વધુ પૈસા ચૂકવવા પડી શકે છે. ભારતીય વીમા નિયમનકારી અને વિકાસ સત્તામંડળએ મોટર થર્ડ પાર્ટી વીમા પ્રીમિયમમાં સરેરાશ ૧૮%નો વધારો પ્રસ્તાવિત કર્યો છે. જો કે, કેટલીક વાહન શ્રેણીઓમાં, આ વધારો ૨૦% થી ૨૫% સુધીનો હોઈ શકે છે. આ દરખાસ્ત હાલમાં રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલય દ્વારા સમીક્ષા હેઠળ છે, જે આગામી બે થી ત્રણ અઠવાડિયામાં તેનો નિર્ણય જાહેર કરે તેવી અપેક્ષા છે.

એક ઉદ્યોગ નિષ્ણાતે જણાવ્યું હતું કે ચાર વર્ષથી વધુ સમયના મોરેટોરિયમ પછી, એ આ દરખાસ્ત એવા સમયે કરી છે જ્યારે વ્યાપક સામાન્ય વીમા ઉદ્યોગ વધતા દાવાઓ અને નિશ્ચિત કિંમત માળખાનો સામનો કરી રહ્યો છે. હિસ્સેદારો માને છે કે વધતી જતી વાહન ઘનતા, ફુગાવાના દબાણ અને વળતર સાથે તાલમેલ રાખવા માટે આ વધારો જરૂરી છે. જો કે, મંત્રાલયની મંજૂરી પછી, જાહેર સંમતિ માટે એક ડ્રાફ્?ટ સૂચના જારી કરવામાં આવશે. આ પછી, સૂચનો લેવા અને સમીક્ષા જેવી અન્ય પ્રક્રિયાઓ કરવામાં આવશે, ત્યારે જ આ ફેરફારો લાગુ કરવામાં આવશે.

મોટર વાહન કાયદા હેઠળ મોટર થર્ડ પાર્ટી વીમો ફરજિયાત છે. આ વીમો તમારા વાહન સાથે અકસ્માતની સ્થિતિમાં ત્રીજા વ્યક્તિ (જેમ કે રાહદારી, અન્ય ડ્રાઈવર અથવા તેમની મિલકત) ને થયેલા નુકસાન માટે વળતર આપે છે. તે તમને અથવા તમારા વાહનને થયેલા નુકસાનને આવરી લેતું નથી, પરંતુ અન્ય લોકોને થયેલા નુકસાન માટે રક્ષણ પૂરું પાડે છે. ત્રીજા પક્ષ વીમા વિના વાહન ચલાવવું ગેરકાયદેસર છે, અને દંડ અથવા કાનૂની કાર્યવાહી થઈ શકે છે. તે કાર ડ્રાઈવરને નાણાકીય બોજથી રક્ષણ આપે છે, જો તમારી ભૂલને કારણે કોઈ અન્યને નુકસાન થાય છે, તો વીમા કંપની તેના માટે વળતર આપે છે. આમાં ત્રીજા વ્યક્તિની ઈજા કે મળત્યુના કિસ્સામાં વળતરનો સમાવેશ થાય છે, અને ત્રીજા વ્યક્તિની મિલકત (જેમ કે અન્ય વાહન, દુકાન અથવા ઘર) ને નુકસાન થવાના કિસ્સામાં પણ વળતરનો સમાવેશ થાય છે.

વીમા નિષ્ણાતોના મતે, ટુ-વ્હીલરનું પ્રીમિયમ એન્જિન ક્ષમતા અનુસાર વધશે. ઉદાહરણ તરીકે, ૩૫૦ સીસી ટુ-વ્હીલરનું મોટર થર્ડ પાર્ટી (ટીપી) વીમા પ્રીમિયમ હાલમાં લગભગ ૨૮૦૦ રૂપિયા છે, તેથી ૧૮% વધારા પછી, તે લગભગ ૩૩૦૦ રૂપિયા થઈ જશે. તમારે વાર્ષિક લગભગ ૫૦૦ રૂપિયા વધુ ખર્ચ કરવા પડશે.

બીજી બાજુ, ફોર-વ્હીલરમાં, જો તમારે હવે ૧૫૦૦ સીસી કાર માટે ૭,૯૦૦ રૂપિયાનું પ્રીમિયમ ચૂકવવું પડે છે, તો ૧૮% વધારા પછી, પ્રીમિયમ લગભગ ૯૮૭૦ રૂપિયા વધશે. મતલબ કે, તમારે લગભગ ૧૪૦૦ રૂપિયા વધુ ખર્ચ કરવા પડશે. તેવી જ રીતે, ૧૦૦૦ સીસીથી ૧૫૦૦ સીસી અને ૧૦૦૦ સીસી સુધીની કાર માટે વીમા પ્રીમિયમ ૧૮% વધશે.

# ખાલિસ્તાની ઉગ્રવાદીઓએ વડાપ્રધાન મોદીને મારી નાખવાની ધમકી આપી

### કેનેડામાં ખાલિસ્તાન સમર્થકો બેફામ બની ભારત-કેનેડા સંબંધોમાં વધાર્યુ ટેન્શન

**મુખ્ય સમાચાર, ઓટાવા**

કેનેડામાં ખાલિસ્તાની સમર્થકોની પ્રવળત્તિઓએ ફરી એકવાર ભારત-કેનેડા સંબંધોમાં તણાવ વધાર્યો છે. તાજેતરના ઘટનાક્રમમાં ખાલિસ્તાની ઉગ્રવાદીઓએ ખુલ્લેઆમ ભારતીય વડાપ્રધાન મોદીને મારી નાખવાની ધમકી આપી છે અને ભારતીય ત્રિરંગાનું અપમાન કર્યું છે. કેનેડાના નવા ચૂંટાયેલા વડાપ્રધાન માર્ક કાર્નેએ પીએમ મોદીને જી-૭ સમિટમાં આમંત્રણ આપ્યા બાદ આ વિવાદ શરૂ થયો હતો. આ આમંત્રણથી ખાલિસ્તાની જૂથો ગુસ્સે થયા છે અને તેઓ તેને ભારત વિરોધી વિરોધ પ્રદર્શનની તક તરીકે જોઈ રહ્યા છે. જી-૭ ના વર્તમાન અધ્યક્ષ તરીકે કેનેડા ૧૫ થી ૧૭ જૂન દરમિયાન આલ્બર્ટા પ્રાંતમાં આ જૂથના સંમેલનનું આયોજન કરી રહ્યું છે. શુક્રવારે ફોન પર વાતચીત દરમિયાન વડાપ્રધાન મોદીએ -૭ સમિટમાં હાજરી આપવા માટે




કાર્નેનું આમંત્રણ સ્વીકાર્યું.

ખાલિસ્તાની સમર્થકોએ વાનકુવર અને કેનેડાના અન્ય શહેરોમાં રેલીઓ કાઢી હતી, જેમાં તેઓએ મોદીને મારી નાખો' ના નારા લગાવ્યા હતા અને પીએમ મોદીની હત્યા કરવાની ધમકી આપી હતી. કેનેડિયન તપાસ પત્રકાર મોચા બેઝિર્ગને ખુલાસો કર્યો કે એક રેલી દરમિયાન, ખાલિસ્તાની સમર્થકોએ તેમને ઘેરી લીધા અને ધમકાવ્યા જ્યારે તેઓ એક વીડિયો રેકોર્ડ કરી રહ્યા હતા. બેઝિર્ગને અહેવાલ આપ્યો કે પ્રદર્શનકારીઓએ ઇન્દિરા ગાંધીની હત્યાનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે તેઓ પીએમ મોદીના રાજકારણનો પણ એ જ રીતે અંત લાવશે.'

આ ઉપરાંત, ખાલિસ્તાની સમર્થકોએ ભારતીય ત્રિરંગાને તલવારથી ફાડી નાખવા અને તેને આગમાં બાળી નાખવા જેવા અપમાનજનક કળત્યો કર્યા. આ ઘટના અગાઉ ૧૯ ઓક્ટોબર, ૨૦૨૪ ના રોજ પણ જોવા મળી હતી, જ્યારે ખાલિસ્તાની સમર્થકોએ પીએમ મોદીના પૂતળા અને ત્રિરંગાનું અપમાન કર્યું હતું. આ ઘટનાઓએ કેનેડામાં ભારતીય સમુદાયમાં રોષ અને અસુરક્ષાની ભાવના વધારી છે.

પ્રતિબંધિત ખાલિસ્તાની સંગઠન શીખ ફોર જસ્ટિસના વડા ગુરપતવંત સિંહ પન્નુએ આ મામલાને વધુ ગરમાવો આપ્યો. પન્નુએ કેનેડિયન પીએમ માર્ક કાર્નેનો આભાર' વ્યક્ત કરતો એક વીડિયો બહાર પાડ્યો, જેમાં કહ્યું કે તેમણે -૭ સમિટમાં ખાલિસ્તાનીઓને પીએમ મોદીને નિશાન બનાવવાની 'ઐતિહાસિક તક' આપી. પન્નુએ પીએમ મોદીની કેનેડા મુલાકાત દરમિયાન લેન્ડિંગથી ટેકઓફ સુધી' ૪૮ કલાકના વિરોધ પ્રદર્શનની જાહેરાત કરી હતી.

ભારતે પન્નુની આ ધમકીઓને ગંભીરતાથી લીધી છે. ભારત સરકારે અગાઉ કેનેડામાં ખાલિસ્તાની પ્રવૃત્તિઓ અંગે ચિંતા વ્યક્ત કરી હતી, ખાસ કરીને ૨૦૨૩ માં, જ્યારે તત્કાલીન કેનેડાના પીએમ જસ્ટિન ટ્રુડોએ ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં ભારતીય એજન્ટોની સંડોવણીનો આરોપ લગાવ્યો હતો. ભારતે આ આરોપોને પાયાવિહોણા' અને રાજકીય રીતે પ્રેરિત' ગણાવીને ફગાવી દીધા હતા.

કેનેડા સરકાર તરફથી આ ધમકીઓ પર કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી, જેને ભારતે ગંભીરતાથી લીધી છે. ભારતીય વિદેશ મંત્રાલયે કેનેડામાં ભારતીય રાજદ્વારીઓની હેરાનગતિ અને અસુરક્ષિત વાતાવરણની નિંદા કરી છે. પીએમ મોદીએ કેનેડામાં ભારતીય સમુદાય અને તેમના પૂજા સ્થાનો, ખાસ કરીને હિન્દુ મંદિરો પર થયેલા હુમલાઓની પણ કડક નિંદા કરી છે.

ભારતે વારંવાર કેનેડાને ખાલિસ્તાની ઉગ્રવાદીઓ સામે કાર્યવાહી કરવા અને ભારતીય સમુદાયની સુરક્ષા સુનિશ્ચિત કરવા વિનંતી કરી છે. વિદેશ મંત્રાલયે કહ્યું, અમે કેનેડામાં ભાર-તીય નાગરિકોની સલામતી અંગે ખૂબ ચિંતિત છીએ. અમારા કોન્સ્યુલર અધિકારીઓ ધમકીઓ, ઉત્પીડન અને હિંસાથી નિરાશ નહીં થાય.'

# એપલના વર્લ્ડવાઈડ ડેવલપર કોન્ફરન્સમાં કર્મચારીએ કર્યું વિરોધ પ્રદર્શન

**મુખ્ય સમાચાર, કેલિફોર્નિયા**

અમેરિકામાં ઈમીગ્રેશનની સાથે પેલેસ્ટાઈન તરફી પણ સતત વધતા રહેલા દેખાવો અને ખાસ કરીને ટેક જાયન્ટસ કંપનીના ઈવેન્ટમાં પણ આ પ્રકારે કર્મચારીઓ ગાઝા-પેલેસ્ટાઈન માટે સહાનુભૂતિ દેખાડવાનું ચૂકતા નથી તેવી માઈક્રોસોફ્ટ અને ગુગલ બાદ ગઈકાલે યોજાયેલા એપલના વર્લ્ડવાઈડ ડેવલપર કોન્ફરન્સમાં પણ એક કર્મચારીએ ચાલુ કોન્ફરન્સે સ્ટેજ પર પહોંચી જઈને તેનું જેકેટ ખોલીને તેઓ પેલેસ્ટાઈનના નાગરિકો પહેરે છે તેવો કેફીયેર માથા પર પહેરવાનો સ્કાફ પ્રદર્શીત કર્યો હતો અને પછી હું એપલમાં કામ કરૂ છું તેવા બરાડા પાડવા લાગ્યો હતો. જો કે તે શું બોલી રહ્યો છે તે ભાગ્યે જ ઓડીયન્સમાં સંભળાતુ હતુ. બાદમાં તેને ઈવેન્ટના



સિક્યોરિટી ગાર્ડ સ્ટેજ પર ઉતારીને કોન્ફરન્સની બહાર લઈ ગયા હતા. આ ઘટના બાદ જો કે કોન્ફરન્સ યથાવત રહી હતી પણ અમેરિકી ટેક કંપનીઓના ઈવેન્ટમાં આ પ્રકારેની ઘટનાઓ વધી ગઈ છે.

માઈક્રોસોફ્ટની બિલ્ડ કોન્ફરન્સમાં પણ આ પ્રકારની ઘટના બની હતી. જેમાં કંપનીના સીઈએ સત્યા નાદેડાના ઉદબોધન સમયે એક કર્મચારીએ ફ્રી-પેલેસ્ટાઈનના નારા લગાવ્યા હતા. આમ ટેક કંપનીના ઈવેન્ટમાં આ રીતે આંતરિક ધુંધવાટ બહાર આવી રહ્યો છે.

# ભારતીય સેનાને ટુંક સમયમાં જ નવી એર ડીફેન્સ સિસ્ટમ મળશે



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતીય સેનાને ટુંક સમયમાં જ નવી એર ડીફેન્સ સિસ્ટમ જોવા મળી શકે છે. ડિફેન્સ અધિકારીઓનાં જણાવ્યા મુજબ રક્ષા મંત્રાલય ચીન અને પાકિસ્તાનની બોર્ડર પર તૈનાતી માટે કિવક રિએકશન સરફેસ ટુ એર મિસાઈલ સિસ્ટમ (કયુઆરએસએમ)ની ત્રણ રેજીમેન્ટ ખરીદવાનો વિચાર કરી રહી છે.

આ ડીલ ૩૦ હજાર કરોડ રૂપિયાની થશે. કયુઆરએસએએમ દિવસ અને રાત બન્ને સમય કારગત છે. તેનું સફળ પરીક્ષણ પણ કરવામાં આવી રહ્યું છે. અધિકારીઓનાં જણાવ્યા મુજબ આ ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (ડીઆરડીઓ)ને તૈયાર કર્યુ છે.તેને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જઈ શકાય છે.

કયુઆરએસએએમ સિસ્ટમમાં મુવીંગ ટાર્ગેટ ખોજવા, ટ્રેક કરવા અને ઓછા સમયમાં ફાયર કરવાની કેપીસીટી છે. લગભગ ૪૦ કિલોમીટરની રેન્જની સાથે કયુઆરએસએએમ મીડીયમથી ઓછા ડિસ્ટેન્સમાં મીડીયમ રેન્જ સરફેસ ટુ એર મિસાઈલ સિસ્ટમ (એમઆરએસએએમ) અને આકાશ જેવી મોજુદ એર ડિફેન્સ સિસ્ટમને સપોર્ટ કરશે.

આ ડિફેન્સ સિસ્ટમને સેનામાં સામેલ કરવા માટે કાઉન્સીલની બેઠક જુનના ચોથા સપ્તાહમાં મળી શકે છે. હાલ ભારત પાસે આકાશતીર, એસ-૪૦૦ અને આયર્ન ડ્રોન વચ્ચે જેવા એર ડીફેન્સ મોજુદ છે.

આ જ એર ડીફેન્સ સિસ્ટમે ભારત-પાકિસ્તાન વચ્ચે ૭ થી ૧૦ મે સુધી ચાલેલા સંઘર્ષ દરમ્યાન પાકિસ્તાન તરફથી છોડવામાં ચીની મીસાઈલો અને તુર્કીશ ડ્રોનને ખતમ કર્યા હતા. ઓપરેશન સિંદુર દરમ્યાન આકાશ તીર, ડીફેન્સ સીસ્ટમે પાકિસ્તાની મિસાઈલ અને ડ્રોન્સને ખતમ કરવા માટે મહત્વની ભુમિકા ભજવી હતી.

# ચુંટણી પંચ રાહુલ ગાંધી સાથે ચર્ચા કરવા તૈયાર

### તા.૨૩ જુન બાદ બેઠકની શકયતા કોંગ્રેસની સાથે અન્ય પાંચ રાષ્ટ્રીય પક્ષોને પણ બોલાવાશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસના નેતા અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી જાહેરમાં ચૂંટણી પંચ પર કથિત ગેરરીતિઓ અંગે ગંભીર આરોપો લગાવી રહ્યા છે. આમ છતાં, કમિશન ઇચ્છે છે કે રાહુલ ગાંધી પણ કોંગ્રેસ સાથેની તેમની બેઠકમાં પાર્ટી પ્રમુખ અને અન્ય વરિષ્ઠ નેતાઓ સાથે હાજર રહે.

કમિશનના સૂત્રોના જણાવ્યા અનુસાર, આ સંદર્ભમાં પાર્ટીના ટોચના નેતૃત્વનો ટૂંક સમયમાં સત્તાવાર રીતે




સંપર્ક કરવામાં આવશે. કોંગ્રેસ સાથે કમિશનની આ બેઠક ૨૩ જૂન પછી ગમે ત્યારે થઈ શકે છે.

ચૂંટણી પંચે કોંગ્રેસ સાથે ચૂંટણીલક્ષી ચર્ચા માટે આ તૈયારી કરી છે જ્યારે તે અન્ય પાંચ રાષ્ટ્રીય પક્ષો સાથે વિવિધ ચૂંટણી મુદ્દાઓ પર ચર્ચા કરી રહી છે.આમાં ભાજપ, બસપા, આપ, સીપીઆઈ(એમ) અને નેશનલ પીપલ્સ પાર્ટી (એનપીપી)નો સમાવેશ થાય છે.

ભાજપ પ્રમુખ જેપી નડ્ડા, બસપા સુપ્રીમો માયાવતી, આમ આદમી પાર્ટી (આપ) ના કન્વીનર અરવિંદ કેજરીવાલ, એનપીપી પ્રમુખ કોનરાડ સંગમા અને સીપીઆઈ(એમ) ના ટોચના નેતૃત્વએ આ બેઠકોમાં ભાગ લીધો હતો.

જો કમિશનના સૂત્રોનું માનીએ તો, કોંગ્રેસ સાથે તેની બેઠક ૧૫ મેના રોજ પ્રસ્તાવિત હતી, પરંતુ ઓપરેશન સિંદૂરને ધ્યાનમાં રાખીને, કોંગ્રેસે આ બેઠક મુલતવી રાખવા વિનંતી કરી હતી. આવી સ્થિતિમાં, કમિશન ટૂંક સમયમાં ચૂંટણી મુદ્દાઓ પર કોંગ્રેસનો અભિપ્રાય જાણવા માંગે છે, જેથી તે તેને સંતુષ્ટ કરવાની દિશામાં આગળ વધી શકીએ છીએ. જો કમિશનનું માનીએ તો, આ વખતે પહેલીવાર બસપા સુપ્રીમો માયાવતી પણ કમિશનની બેઠકમાં હાજરી આપી.સૂત્રોના જણાવ્યા અનુસાર, કમિશન ઇચ્છે છે કે રાહુલ ગાંધી કોંગ્રેસ સાથેની બેઠકમાં ભાગ લે કારણ કે તેઓ જ ચૂંટણી સંબંધિત સૌથી વધુ પ્રશ્નો જાહેરમાં ઉઠાવી રહ્યા છે.

કમિશન ઇચ્છે છે કે તેઓ બેસીને તેમના પ્રશ્નોના તથ્યપૂર્ણ જવાબો આપે. ઉપરાંત, જો કોઈ નવો પ્રશ્ન ઉઠાવવામાં આવે છે, તો તેનો પણ જવાબ આપવો જોઈએ. સૂત્રો કહે છે કે કમિશન તેમના બધા પ્રશ્નોના પારદર્શિતા સાથે જવાબ આપવા તૈયાર છે.જો તેઓ તેમની સાથે બેસે અથવા તેમને તેમના વાંધાઓ લેખિતમાં જણાવે.

નોંધનીય છે કે, કમિશને રાજકીય પક્ષોને પૂછ્યું છે.ચૂંટણી પ્રણાલી પર ઉભા થઈ રહેલા પ્રશ્નોને ધ્યાનમાં રાખીને પક્ષો સાથે ચૂંટણી ચર્ચાનું આ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ સમયગાળા દરમિયાન, રાજકીય પક્ષો સાથે વિશ્વાસ વધારવા માટે તેણે અત્યાર સુધીમાં લગભગ ૪,૭૧૯ બેઠકો યોજી છે.

આમાંથી ૩,૮૭૧ બેઠકો વિધાનસભા સ્તરે યોજાઈ છે, જ્યારે જિલ્લા અને રાજ્ય સ્તરે પણ આવી જ બેઠકો યોજાઈ છે. તમામ રાજકીય પક્ષોના લગભગ ૨૮ હજાર પ્રતિનિધિઓએ તેમાં ભાગ લીધો છે.

# ગુજરાતમાં કોરોના કેસની સંખ્યા ૧ હજારને પારઃ રાજકોટમાં પપ વર્ષના દર્દીનું મોત

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાતમાં ફરી એકવાર કોરોનાના સંક્રમણે માથુ ઉચક્યું છે. રાજ્યમાં સંક્રમિતોની સંખ્યા ૧૧૦૦ને પાર પહોંચી છે. ત્યારે કોરોનાથી રાજકોટમાં પહેલું મૃત્યુ નોંધાયું છે. સોમવારે (નવમી જૂન) સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન ૫૫ વર્ષીય આધેડનું કોરોનાથી મોત નીપજ્યું હતું. છેલ્લા ચાર દિવસથી તેમનામાં કોરોનાના લક્ષણો હતા. આ ઉપરાંત મૃતકને ડાયાબિટિઝ સહિત અન્ય બીમારીઓ પણ હતી. નોંધનીય છે કે,રાજકોટ શહેરમાં કોરોનાના કુલ કેસનો આંકડો પહોંચ્યો ૧૦૦ને પાર પહોંચ્યો છે.

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં



કોરોનાના ૨૩૫ નવા કેસ નોંધાયા છે. જેને લઈને રાજ્યમાં એક્ટિવ કેસની સંખ્યા ૧૧૦૯ પર પહોંચી ગઈ છે. જેમાંથી ૩૩ હૉસ્પિટલમાં દાખલ છે, જ્યારે ૧૦૭૬ દર્દી હોમ આઈસોલેશનમાં છે. આ સિવાય ૧૦૬ દર્દી સાજા થતાં તેમને ડિસ્ચાર્જ કરાયા છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જણાવ્યું કે, ભારતમાં સક્રિય કોવિડ-૧૯ દર્દીઓની સંખ્યા ૬,૪૯૧ પર પહોંચી ગઈ છે. સૌથી રાહતની વાત એ છે કે, છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના કોઈ દર્દીનું મોત થયું નથી અને વધુ ૬૨૪ દર્દીઓ સાજા થતાં ડિસ્ચાર્જ કરાયા છે. અગાઉ રવિવારે છેલ્લા ૨૪ કલાકમાં ૬ દર્દીના મોત થયા હતા. આ વર્ષે જાન્યુઆરીથી દેશમાં કોરોનાના કારણે ૬૫ લોકો મોત થયા છે. ૨૨ મે સુધી દેશમાં સક્રિય દર્દીઓની સંખ્યા ૨૫૭ હતી. વર્ષ ૨૦૨૫માં અત્યાર સુધીમાં ડેટાની વાત કરીએ તો, આ વર્ષે કુલ ૬૪૯૧ એક્ટિવ કેસ નોંધાયેલા છે, જ્યારે ૬૮૬૧ દર્દીઓ સજા પણ થયા છે. આ ઉપરાંત કોરોના સંક્રમિત કુલ ૬૫ લોકોએ જીવ ગુમાવ્યો છે.

# સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાત સહિત રાજ્યમાં ૧૫ જૂન સુધી વરસાદની આગાહી

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાતના અમુક વિસ્તારોમાં છૂટોછવાયો વરસાદી માહલો છે, તો કેટલીક જગ્યાએ કાળઝાળ ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. ત્યારે હવામાન વિભાગે આગામી ૧૫ જૂન સુધી સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત સહિતના જિલ્લામાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. ચાલો જાણીએ કયા-કેવો રહેશે વરસાદી માહોલ.

હવામાન વિભાગની આગાહી મુજબ, રાજ્યમાં આગામી ૧૦ થી ૧૨ જૂન દરમિયાન ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, નવસારી, તાપી, ડાંગ, વલસાડ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી



છે.

રાજ્યમાં આગામી ત્રણ દિવસ પછી ૧૯થી વધુ જિલ્લામાં વરસાદની આગાહી છે. જેમાં ૧૩ જૂનના રોજ ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, વડોદરા, ભરૂચ, છોટા ઉદેપુર, પંચમહાલ, દાહોદ, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ જિલ્લામાં ગાજવીજ સાથે હળવો વરસાદ રહેશે.

જ્યારે ૧૪-૧૫ જૂનના રોજ રાજકોટ, ભાવનગર, અમરેલી, જૂનાગઢ, ગીર સોમનાથ, દાહોદ, અરવલ્લી, મહીસાગર, પંચમહાલ, છોટા ઉદેપુર, નર્મદા, ભરુચ, વડોદરા, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ જિલ્લાના છૂટછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે.

# જામનગરના રણમલ તળાવમાં ઝંપલાવી મહિલાનો આપઘાત




**મુખ્ય સમાચાર, જામનગર**
જામનગર શહેરના લાખોટા તળાવ ગેઈટ નં.૭ સામેના ભાગમાં સોમવારે સવારે ૩૫ વર્ષની મહિલાએ અગમ્ય કારણોસર તળાવમાં ઝંપલાવી દેતા તેનું મૃત્યુ થયું હતું. ફાયરબ્રિગેડે તેનો મૃતદેહ બહાર કાઢી ૧૦૮ને સોંપ્યો હતો. પોલીસે બનાવ અંગે નોંધ કરી પ્રથમ તો આ મહિલાની ઓળખ મેળવવાની તજવીજ હાથ ધરી છે.જામનગર મહાનગરપાલિકા સંચાલિત લાખોટા તળાવના સિક્યુરિટી ગાર્ડ ને ધ્યાનમાં આવ્યું હતું કે ૩૫ વર્ષની વયની એક યુવતી એ તળાવમાં ઝંપલાવી આપઘાત નો પ્રયાસ કર્યો હતો. જેથી તેણે તુરતજ ફાયર બ્રિગેડને જાણ કરી હતી. જેથી જામનગર મહાનગર પાલિકાની ફાયર શાખાની ટુકડી તાબડતોબ ઘટના સ્થળે દોડી ગઈ હતી.યુવતીને બેશુદ્ધ અવસ્થામાં પાણીમાંથી બહાર કાઢી લીધી હતી. ત્યારબાદ ૧૦૮ ની ટુકડીને જાણ કરી દેતાં ૧૦૮ ની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી, અને બેશુદ્ધ બનેલી યુવતી કે જેને સારવાર માટે જામનગરની સરકારી હોસ્પિટલમાં લઈ જવાય તે પહેલાં તેણીનું મૃત્યુ નીપજયું હોવાનું ૧૦૮ ની ટીમ દ્વારા જાહેર કરાયું હતું. મહિલાની ઓળખ થઈ શકી ન હતી અને કારણ પણ જાણી શકાયું ન હોય. પોલીસે આ અંગે તપાસ હાથ ધરી છે.

# જામનગર ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયામાં જિલ્લામાં ઉમંગભેર પ્રતિસાદ

### જિલ્લામાં સરપંચ પદ માટે ૭૩૭ અને સભ્ય પદ માટે ૩,૨૮૬ ઉમેદવારોએ ફોર્મ ભરી નામાંકન કર્યું

**મુખ્ય સમાચાર, જામનગર**
જામનગર જિલ્લામાં આગામી ૨૨ જૂન, ૨૦૨૫ ના રોજ યોજાનારી ગ્રામ પંચાયતોની સામાન્ય, વિભાજન, મધ્યસ્થ ચૂંટણીઓ તેમજ પેટા ચૂંટણીઓ માટેના ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ થઈ છે. આ પ્રક્રિયામાં તાલુકાવાર નોંધપાત્ર ભાગીદારી જોવા મળી છે, જે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ પ્રત્યે લોકોનો ઉત્સાહ દર્શાવે છે.

જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા તાજેતરમાં જાહેર કરાયેલા સત્તાવાર આંકડા મુજુ સામાન્ય, વિભાજન અને મધ્યસ્થ ચૂંટણીઓ માટે કુલ ૨૬૬ ગ્રામ પંચાયતોનો સમાવેશ થાય છે.જેમાં સરપંચ પદ માટે કુલ ૭૩૭ ફોર્મ ભરાયા હતા અને સભ્ય પદ માટે કુલ ૩,૩૦૪ ફોર્મ ભરાયા હતા. આ રીતે, સરપંચ પદ માટે ૭૩૭ અને સભ્ય પદ માટે ૩,૨૮૬ ઉમેદવારોએ સફળતાપૂર્વક તેમના ફોર્મ જમા કરાવ્યા છે.ગ્રામ પંચાયતોની પેટા ચૂંટણીઓમાં કુલ ૬૦ ગ્રામ પંચાયતોનો સમાવેશ થાય છે,જેમાં સરપંચ પદ માટે ૧૯ ફોર્મ ભરાયા હતા અને સભ્ય પદ માટે ૨૫ ફોર્મ ભરાયા હતા. આના પરિણામ સ્વરૂપ, સરપંચ પદ માટે ૧૯ અને સભ્ય પદ માટે ૨૫ ઉમેદવારોએ તેમના નામાંકન પત્રો દાખલ કર્યા છે.ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયામાં મળેલો આ જબરદસ્ત પ્રતિસાદ લોકશાહી ભાવના અને ગ્રામીણ વિકાસ તથા વહીવટમાં યોગદાન આપવા માટે સ્થાનિક લોકોના ઉત્સાહને દર્શાવે છે. હવે આગામી ૨૨ જૂન, ૨૦૨૫ ના રોજ ન્યાયી અને પારદર્શક ચૂંટણી પ્રક્રિયાની યોજનાર છે.

# કામદાર વીમા યોજના હોસ્પિટલમાં ફાયરની બેઝીક તાલીમ



**મુખ્ય સમાચાર, જામનગર**
જામનગરની કામદાર રાજ્ય વીમા યોજનાની હોસ્પિટલમાં ફાયરબ્રિગેડના તાલીમ વિભાગના ઓફિસર રાકેશ ગોકાણી તથા ટીમ દ્વારા બેઝીક તાલીમ આપવામાં આવી હતી. આગ લાગે ત્યારે તાત્કાલિક શું કરવું તે અંગે વિગતો પૂરી પાડવામાં આવી હતી. હોસ્પિટલ સ્ટાફ તેમજ દર્દીઓએ તે તાલીમ મેળવી હતી.

# રાજકોટ એસ.ટી.બસ ડેપોને ઓટોમેટીક વ્હીકલ-વોશિંગ મશીન ફાળવાયુ પાંચ મીનીટમાં એસ.ટી.બસની સફાઈ

### ટુંક સમયમાં રાજયનાં ૪૭ ડેપોમાં આ પ્રકારના મશીનો ઈન્સ્ટોલ કરાશેઃ મીની બસ, સ્લીપર, વોલ્વો સહિતની તમામ બસોની મીનીટોમાં જ સફાઈ



**મુખ્ય સમાચાર, રાજકોટ**
એસ.ટી.નિગમે અન્ય ડેપોની સાથે રાજકોટ ડેપોમાં ઓટોમેટીક પાંચ મીનીટમાં સફાઈ થઈ રહી છે.મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દિશાનિર્દેશ હેઠળ રાજ્યના જાહેર સ્થળોને પણ સ્વચ્છ રાખવા માટેના અનેકવિધ નવતર પ્રયાસો થઇ રહ્યા છે.

તેવો જ એક અનોખો નવતર પ્રયાસ વાહન વ્યવહાર રાજ્ય મંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ ગુજરાત રાજ્ય વાહન વ્યાવ્હાર નિગમ દ્વારા હાથ ધરવામાં આવ્યો છે. એસ. ટી. નિગમ રાજ્યના નાગરિકોને માત્ર સલામત સવારી જ નહિ, પરંતુ સ્વચ્છ સવારી પણ પૂરી પાડી રહ્યું છે.

દિવસ-રાત દોડતી એસ.ટી. બસની સ્વચ્છતાને ધ્યાને લઈને નિગમ દ્વારા ગાંધીનગર, અમદાવાદ, સાણંદ, આણંદ, કપડવંજ, નડિયાદ, બોરસદ, ડાકોર, ખંભાત, રાજકોટ, ગોંડલ, વાંકાનેર, મોરબી, થરાદ, ડીસા, સિદ્ધપુર, રાધનપુર, દિયોદર, મહેસાણા, પાટણ, કડી, ઊંઝા, વડનગર, કલોલ, દ્વારકા, ભુજ, માંડવી, અંજાર, નખત્રાણા, ભાવનગર, પાલીતાણા, મહુવા અને બોટાદ મળીને કુલ ૩૩ ડેપોમાં ઓટોમેટીક વ્હીકલ વોશિંગ મશીન કાર્યરત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત નવા ૦૭ મશીન ખંભાળિયા, વલસાડ, હિંમતનગર, ગોધરા, વડોદરા (પાણીગેટ), દાહોદ અને ઉધના ડેપો ખાતે ટૂંક સમયમાં જ કાર્યરત કરવામાં આવશે.

આગામી સમયમાં અમરેલી, બગસરા, કોડીનાર, સાવરકુંડલા, ઉના, ડભોઈ, છોટાઉદેપુર, પાદરા, બોડેલી, અંકલેશ્વર, ભરૂચ, જંબુસર, રાજપીપળા, બારીયા, હાલોલ, લુણાવાડા, સંતરામપુર, ઝાલોદ, બાયડ, ભિલોડા, ઇડર, ખેડબ્રહ્મા, માણસા, મોડાસા, જેતપુર, જૂનાગઢ, કેશોદ, માંગરોળ, પોરબંદર, વેરાવળ, વિજાપુર, બાલાસિનોર, બારડોલી, માંડવી (સુરત), સોનગઢ, સુરત (સીટી), બીલીમોરા, ધરમપુર, નવસરી અને વાપી મળીને કુલ ૪૦ ડેપો ખાતે પણ ઓટોમેટીક વ્હીકલ વોશિંગ મશીન કાર્યરત કરવાનું નિગમનું આયોજન છે.

અત્રે ઉલેખ્ખનીય છે કે, ગુજરાત એસ.ટી નિગમે હરહંમેશ નાગરિકોની મુસાફરી તેમજ સ્વચ્છતાને પ્રાથમિકતા આપી છે. જેના ભાગરૂપે નિગમે રૂા૪ લાખથી વધુની કિંમત ધરાવતા ૮૦ ઓટોમેટીક વ્હીકલ વોશિંગ મશીન રૂા૧.૮૦ કરોડના ખર્ચે ખરીદી કરી ડેપોમાં ઇન્સ્ટોલ કરવામાં આવી રહ્યા છે.

ઓટોમેટીક વ્હીકલ વોશિંગ મશીન દ્વારા બસના આગળનો ભાગ, બંને સાઈડ તેમજ પાછળના ભાગમાં ફક્ત ૫ થી ૭ મિનીટમાં સફાઈ થઈ જાય છે અને મુસાફરોને સ્વચ્છ મુસાફરીનો લાભ મળે છે.આ મશીનના માધ્યમથી સ્લીપર, એકસપ્રેસ, વોલ્વો, મીની બસ સહિતની તમામ બસોની ઓટોમેટિક સફાઈ થઈ શકે છે.

# ઉનાના ભાચા તથા પડાપાદર ગામના બે યુવાન સોશ્યલ મિડીયા ઉપર તલવાર સાથેનો વિડીયો ફોટો મુકતા પોલીસે અસરકારક કાર્યવાહી કરી

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**
નિલેશ જાજડીયા પોલીસ મહાનિરીક્ષક જુનાગઢ વિભાગનાઓ તથા શ્રી મનોહરસિંહ જાડેજા સાહેબ, પોલીસ અધિક્ષક, ગીર સોમનાથનાઓ તરફથી જુદા જુદા સોશ્યલ મિડીયા ફેસબુક, ઇન્સ્ટાગ્રામ, વોટસએપ વિગેરે ઉપર ગુનેગારો તથા અન્ય વ્યક્તિઓ હથીયાર સાથેના ફોટાઓ પાડી સામાન્ય નાગરીકોમાં ભય અને દહેશત ફેલાવી ભયનું વાતાવરણ ઉભુ કરતા ઇસમો ઉપર વોચ રાખી કાયદેસર કાર્યવાહી કરવાં કરેલ સુચના મુજબ, એન.એ.વાઘેલા, ઇન્ચાર્જ પોલીસ ઇન્સ્પેકટર, એસ.ઓ.જી. ગીરસોમનાથના માર્ગદર્શન અનુસાર એસ.ઓ.જી. સ્ટાફના ઇબ્રાહીમશા બાનવા એ.એસ.આઇ. તથા




રણજીતસિંહ ચાવડા પો.કોન્સ. એ રીતેના પોલીસ સ્ટાફ સાથે કામગીરી સબબ ગીરગઢડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા, દરમ્યાન નીચે જણાવેલ વિગત મુજબના ઇસમએ હથિયાર સાથે સોશ્યલ મિડીયામાં વિડીયો/ફોટો અપલોડ કરેલ હોયજેના લઈને ભાચાગામનો યુવાન સાહિલ ફિરોજ શેખ તેઓએ લાલ કલરનું કવરમાં ચડાવેલ સ્ટીલની તલવાર સાથે તે ઇસ અમને ઝડપી પાડ્યો ત્યારે ગીર ગઢડાના પડાપાદર ગામ વિસ્તારમાંથી હથીયાર તલવાર સાથે પકડીપાડી આરોપી કૌશિક રાવતભાઇ અને પકડી પાડી અને તેમના પર કાયદેસરની કાર્યવાહી કરી છે બંને આરોપીઓ પાસેથી બંને બે તલવાર ૪૦૦ નો મુદ્દામાં ઝડપી પાડી અને તેના પર કાયદેસરની કાર્યવાહી કરી છે

# કાલાવડનો યુવાન જામનગરના બે વ્યાજખોર બંધુઓની ચુંગાલમાં ફસાયો

**મુખ્ય સમાચાર, જામનગર**
જામનગર જિલ્લાના કાલાવડમાં રહેતો એક યુવાન જામનગરના બે વ્યાજખોર બંધુઓની ચૂંગાલમાં ફસાયો છે, અને સૌ પ્રથમ ત્રણ લાખ રૂપિયા લીધા બાદ કુલ ૧૮ લાખ જેટલું વ્યાજ ચૂકવી દીધા છતાં બંને ભાઈઓ ધાક ધમકી આપી ત્રાસ ગુજારતા હોવાથી આખરે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

આ ફરિયાદ અંગેના બનાવની વિગતો એવી છે કે કાલાવડમાં અમીપરા પાર્ક વિસ્તારમાં રહેતો કાસીમ હબીબભાઈ સમા નામનો ૩૭ વર્ષનો યુવાન કે જે જામનગરમાં રબ્બાની પાર્ક વિસ્તારમાં રહેતા બે ભાઈઓ યાસીન અબ્દુલભાઈ સમા અને યુનુશ અબ્દુલભાઈ સમાના વ્યાજના વીસચક્રમાં ફસાયો છે અને બંને ભાઈઓ સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. આજથી ત્રણ વર્ષ પહેલાં સૌપ્રથમ યાસીન અબ્દુલભાઈ સમા પાસેથી ત્રણ લાખ રૂપિયા માસિક ૮ ટકાના વ્યાજે લીધા હતા, અને દર મહિને ૨૨ હજાર રૂપિયા જેટલું વ્યાજ ચૂકવતો હતો. પોતાની પાસે પૈસાની સગવડ ન થતાં ફરીથી તેણે યાસીનના ભાઈ યુનુસ પાસેથી બીજા ત્રણ લાખ રૂપિયા લીધા હતા, અને તેના આધારે પૈસા ચૂકવતો હતો.બંને ભાઈઓએ ત્રણ લાખ રૂપિયાનો એક ચેક તેમજ સાત અન્ય કોરા ચેક મેળવી લીધા હતા, અને દબાણ કરીને પૈસા કઢાવતા હતા. ફરીયાદી યુવાને ત્રણ વર્ષના સમયગાળા દરમિયાન છ ગણું એટલે કે ૧૮ લાખ રૂપિયા જેટલું વ્યાજ બંને ભાઈઓને ચૂકવી દીધું હોવા છતાં હજુ વધુ વ્યાજ અને મુદ્દલ રકમ મેળવવા માટે પઠાણી ઉઘરાણી કરાતી હોવાથી અને તમામ રકમ એકી સાથે આપી દેવા દબાણ કરાતું હોવાથી મામલો પોલીસ મથકમાં લઈ જવાયો હતો અને કાલાવડ પોલીસ મથકમાં બંને વ્યાજખોરો સામે ફરિયાદ નોંધાવી છે. જે ફરિયાદના અનુસંધાને કાલાવડ પોલીસે તપાસનો દોર જામનગર સુધી લંબાવ્યો છે.

# ૧૧ જૂને જામનગર-વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ અમદાવાદ સુધી જશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**
પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ પર વાસદ-રનોલી સ્ટેશનો વચ્ચે બ્રિજ નં. ૬૨૪ પર રી-ગર્ડરિંગ કાર્ય માટે ૧૧ જૂન, ૨૦૨૫ ના રોજ મેગા બ્લોક લેવામાં આવશે. આ બ્લોકના કારણે રાજકોટ મંડળમાંથી પસાર થતી કેટલીક ટ્રેનો પ્રભાવિત થશે. વિગતો નીચે મુજબ છે

આંશિક રીતે રદ થયેલી ટ્રેનઃ ૧૧ જૂન, ૨૦૨૫ ના રોજ ટ્રેન નંબર ૨૨૯૬૦ જામનગર-વડોદરા ઇન્ટરસિટી એક્સપ્રેસ અમદાવાદ સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે તથા અમદાવાદ-વડોદરા વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

માર્ગમાં મોડી પડનારી ટ્રેનઃ ૧૧ જૂન, ૨૦૨૫ ના રોજ ટ્રેન નંબર



૧૨૪૭૭ જામનગર- માતા વૈષ્ણો દેવી કટરા એક્સપ્રેસ માર્ગમાં ૫૦ મિનિટ મોડી પડશે.

ટ્રેનના સ્ટોપેજ, કોચની સંરચના અને સમય વિશે વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને વેબસાઇટ www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# કેન્દ્રશાસિત દીવમાં રોયલ વાઈન શોપ માં દારૂ ખરીદવા માટે સવારથી લાગે છે મોટી લાઈનો

### બુટલેગરો રોયલ વાઇન શોપમાં દારૂ ખરીદવા માટે કરે છે પ્રવાસીઓ સાથે ઝઘડો બૂટલેગર્સની ભીડથી પ્રવાસીઓને દારૂ ખરીદવામાં પડતી મુશ્કેલી




**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**
કેન્દ્રશાસિત દીવમા આવેલ રોયલ વાઈન શોપ હાલ ખૂબ ચર્ચાનો વિષય બન્યો છે માત્ર દીવમાં એકજ વાઇન શોપ હોય જેથી સવારથી ત્યાં લોકો નીમોટી લાઈનો લાગી દારૂ ખરીદવા આવે ત્યારે ત્યાં બુટલેગરોની પણ ખાસી સંખ્યા જોવામળે છે અનેતે પણ લાઈનોમાં લાગે છે અને ત્યાં વાઇન શોપમાં મારા મારીના બનાવો પણ બને છે અને જાહેરમાં ખુલ્લે આમ વાણીવિલાસ કરતા જોવા મળે છે ત્યારે તેજ વાઇન શોપ માં ટ્રાફિક જામના દ્રશ્ય પણ જોવા મળે છે પણ દીવ પ્રશાસન મૌન ધારણ કરીને બધુ જુએ છે જવાબદાર પ્રશાસન આવી જ રીતેજો વધુ જોયા કરશે અને કોઈ અસરકારક કાર્યવાહીની કરે તો ત્યાં આવતા બુટલેગરો બેફામ બનશે અને કોઈ મોટી ઘટનાને અંજામ આપશે તો કોણ જવાબદાર તેવા પણ લોકોમાં પ્રશ્ન ઉઠ્યા છે ત્યારે આવું જ રહ્યું આવનારા દિવસોમાં ખૂબ જાણીતો અને વિશ્વમાં પ્રખ્યાત કેન્દ્રશાસિત દીવ માં આવતા પર્યટકો અચકાશે અને ક્રાઈમ રેટ વચ્ચેતો આવા બુટલેગરો પર અસામાજિક તત્વો પર કાયદેસરની કાર્યવાહી કરવા લોકોમાં માંગ ઉઠી છે.

# હરભમજીરાજ ગરાસીયા છાત્રાલય દ્વારા એસ.પી પ્રદીપસિંહ જાડેજા સન્માન સમારોહ યોજાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**
હરભમજીરાજ ગરાસીયા છાત્રાલય દ્વારા તાજેતરમાં એસ પી તરીકે બઢતી પામેલા પ્રદિપસિંહ ઘનશ્યામસિંહ જાડેજાનો તા. ૧૧ ને, બુધવારે સાંજે ૬ વાગ્યે રજપુત સ્થિત હરભમજી રાજ ગરાસીયા છાત્રાલય ખાતે સન્માન સમારંભનો કાર્યક્રમ યોજાશે જેમાં સમાજના અગ્રણીઓને ઉપસ્થિત રહેવા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. વધુ વિગત મુજબ રાજકોટ તાલુકાના સુકી સાજડીયાળી ગામના વતની અને હાલ અમદાવાદ જે ડિવિઝનમાં એસીપી ફરજ બજાવતા પ્રદિપસિંહ ઘનશ્યામસિંહ જાડેજાને એસપી તરીકે પ્રમોશન મળતા શ્રી હરભમજીરાજ ગરાસીયા છાત્રાલય અને તેની સંલગ્ન સંસ્થાઓ દ્વારા સન્માન સમારંભ તા. ૧૧ ને, બુધવાર સાંજે ૦૬-૦૦ વાગ્યે હરભમજીરાજ ગરાસીયા છાત્રાલય, ૫-રજપુતપરા ખાતે રાખવામાં આવેલ છે. આ કાર્યક્રમના પ્રમુખ સ્થાન માંધાતાસિંહજી જાડેજા ઠાકોર સાહેબ ઓફ રાજકોટ રહેશે. રાષ્ટ્રપતિ ચંદ્રક



વિજેતા પ્રદિપસિંહજી જાડેજાએ પોતાની કારકિર્દીનો પ્રારંભ પીએસઆઈ તરીકે કરેલો તેમજ ગુજરાતના વિવિધ શહેરોમાં ફરજ બજાવી છે. એમા ખાસ કરીને લીંબડી, ભાવનગર, જુનાગઢ સહિત સ્થળોએ ફરજ દરમિયાન પોતાનું ઉત્તરદાયિત્વ નિભાવી સામાજિક સેવાઓને લોકો આજે પણ યાદ કરે છે, સરળ, વિનમ્ર અને બહોળુ મિત્રવર્તુળ ધરાવતા પ્રદિપસિંહજી જાડેજાએ સમાજનું નામ રોશન કરી ખુબ સારી લોકચાહના પ્રાપ્ત કરી છે, આ સન્માન સમારંભમાં પધારવા હાર્દિક આમંત્રણ પાઠવવામા આવે છે.

# ટંકારા તોડકાંડમાં PIના વધુ બે દિવસના રિમાન્ડ મંજૂર

### રિમાન્ડ પૂર્ણ થતાં ફર્ધર રિમાન્ડની માંગ સાથે કોર્ટમાં રજૂ કરાયાહજુ અનેક બાબતોની તપાસ બાકી હોવાની દલીલ બાદ વધુ રિમાન્ડ મંજૂર

**મુખ્ય સમાચાર, મોરબી**
ટંકારા નજીક હોટલમાંથી ઝડપાયેલ હાઈપ્રોફાઈલ જુગાર કલબમાં લાખો રૂપિયાનો તોડ કરવાના કેસમાં લાંબા સમય સુધી નાસતા ફરતા પોલીસ ઈન્સ્પેકટર વાય.કે.ગોહિલની સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે કચ્છના આદિપુરથી ધરપકડ કર્યા બાદ ત્રણ દિવસના રિમાન્ડ પર લેવાયા હતા. જો કે, હજુ અનેક બાબતોની તપાસ બાકી હોય સોમવારે રિમાન્ડ પૂર્ણ થતા તપાસનીશ અધિકારીએ તપાસાર્થે ફર્ધર રિમાન્ડની માંગણી કરતા કોર્ટે વધુ બે દિવસના રિમાન્ડ મંજુર કર્યા હતા.




ટંકારા પોલીસ મથકના તત્કાલિન પીઆઈ યુવરાજસિંહ કિશોરસિંહ ગોહિલ અને હેડ કોન્સ્ટેબલ મહિપત હરિસિંહ સોલંકી સહિત પોલીસ કર્મીઓએ તા.૨૪ ઓક્ટોબર ૨૦૨૪ની રાતે કમ્ફટ રિસોર્ટના રૂમ નં.૧૦૫માં ઘૂસી ૮ લોકોને જુગાર કેસમાં પકડીને તોડ કર્યો હતો. રાજકોટના જવેલર્સ પુત્રને સંડોવતા આ કેસમાં મીડિયામાં ફોટા નહીં આપવા, પોલીસ ફરિયાદમાં નામ ફેરવી નાખવા, સવારે જામીન આપી દેવાની અવેજીમાં ૫૧ લાખની લાંચ લેવા અંગેનો ધડાકો થતા એસએમસીની તપાસ બાદ પીઆઈ અને હેડ કોન્સ્ટેબલ વિરુદ્ધ ગુન્હો દાખલ થયો હતો.

બીજી તરફ ગુન્હો નોંધાતા જ લાંબા સમયથી ફરાર હેડ કોન્સ્ટેબલના સરન્ડર બાદ પીઆઈ વાય.કે. ગોહિલની એસએમસીની ટીમે કચ્છના આદિપુરથી ધરપકડ કરતા તપાસનીશ પોલીસે પીઆઈને તા.૬ જૂનના રોજ કોર્ટમાં રજૂ કરી ૧૦ દિવસની રિમાન્ડની માંગણી કરતા કોર્ટે સોમવાર સુધીના રિમાન્ડ મંજુર કર્યા હતા. રિમાન્ડ પૂર્ણ થતાં સોમવારે પીઆઈને કોર્ટમાં રજૂ કરી તપાસમાં અમુક મુદ્દાઓ હજુ બાકી રહી ગયા હોવાથી ૫ દિવસના ફર્ધર રિમાન્ડની માંગણી કરવામાં આવતા કોર્ટે પીઆઈના મંગળવારે સાંજ સુધીના રિમાન્ડ મંજુર કર્યા હતા.

# બ્રહ્મસમાજ ચોક પાસે દુકાનમાંથી સવા લાખની ચોરી કરનાર રીઢો તસ્કર ઝડપાયો

### આરોપી અગાઉ ૨૪ ગુનામાં સંડોવાયો તો; બે બાઈક ચોરીના ભેદ પણ ખુલ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**
રૈયા રોડ પર બ્રહ્મસમાજ ચોક પાસે આવેલી નચિકેતા ઈલેક્ટ્રિક નામની દુકાન ધરાવતા વિપુલભાઈ નિરંજની (રહે. સોમનાથ સોસાયટી-૩, મેઈન રોડ, રૈયા ટેલિફોન એક્સચેન્જ પાસેની દુકાનમાંથી રૂ. ૧.૨૫ લાખની રોકડ સાથેના થેલાની ઉઠાંતરી કરનાર રીઢા તસ્કરને ગાંધીગ્રામ પોલીસે પકડી લઈ રૂ. ૧.૭૪ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.ધરપકડ કરાયેલામાં હનિફશા ઈબ્રાહીમશા શાહમદાર (રહે. ચુનારાવાડ ચોક પાસે, ફૂટપાથ ઉપર, ભાવનગર રોડ)નો સમાવેશ થાય છે. બ્રહ્મસમાજ ચોક પાસે ઈલેક્ટ્રિકની



દુકાન ધરાવતા વિપુલભાઈએ બે દિવસ પહેલા રાત્રે વેપારના રૂ. ૧.૨૫ લાખ થેલામાં રાખી થેલો ટેબલ નીચે રાખ્યો હતો. જેમાં રોકડ ઉપરાંત ક્રેડીટ કાર્ડ-ડેબીટ કાર્ડ વગેરે દસ્તાવેજો પણ હતા. તે લઘુશંકા કરવા દુકાનની બહાર નીકળ્યા બાદ પરત આવીને જોતાં રોકડ રાખેલો થેલો જોવા મળ્યો ન હતો. આથી આ મામલે ફરિયાદ નોંધાવી હતી.

ગાંધીગ્રામ પોલીસના સ્ટાફે આ અંગે સીસીટીવી ફૂટેજ સહિતના આધારે તપાસ શરૂ કરતા સીસીટીવીમાં અગાઉ અલગ-અલગ ચોરીમાં સંડોવાઈ ચૂકેલો હનીફશા શાહમદાર કેદ થતાં પીઆઈએસ.આર. મેઘાણી અને હેડ કોન્સ્ટેબલ મશરીભાઈ અને પ્રદીપભાઈ સહિતના સ્ટાફે હનીફશાને સોજીત્રા નગર પાણીના ટાંકા પાછળથી ચોરાઉ બાઈક સાથે ઝડપી લીધો હતો. એટલુ જ નહીં પૂછપરછમાં તેણે અન્ય એક બાઈક ચોરીની કબૂલાત આપતા પોલીસે બે બાઈક, ફોન અને રોકડ સહિત રૂ.૧.૭૪ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.આરોપી અગાઉ રાજકોટ અને મોરબીમાં વાહન ચોરી સહિત ૨૪ ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂક્યો છે.

# રાજકોટ વિરાણી સ્કૂલમાં વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો કાર્યક્રમ સંપન્ન

## ભારતમાં શાળા, લેબોરેટરી, વૈદ્યશાળા, પુસ્તકાલયની જરૂરઃ વિજ્ઞાન જાથા

### છાત્ર-છાત્રાઓને જ્ઞાન-વિજ્ઞાનનું સ્નાન કરાવ્યું, વાલી ખુશખુશાલઃ શાળાના નવા સત્રના પ્રારંભે નવતર કાર્યક્રમ યોજાયોઃ 'એ' ડિવીઝન પોલીસ સ્ટેશને બંદોબસ્ત ફાળવ્યો



**મુખ્ય સમાચાર, અમદાવાદ**

રાજકોટ વિરાણી સ્કૂલમાં નવા સત્રના પ્રારંભે જ્ઞાન-વિજ્ઞાનનો નવતર કાર્યક્રમમાં છાત્ર-છાત્રાઓમાં અંધશ્રદ્ધા નિવારાણાર્થે ભારત જન વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો લોકજાગૃતિ કાર્યક્રમ સફળતાથી સંપન્ન થયો હતો. ભારતમાં શાળા, લેબોરેટરી, વૈદ્યશાળા, પુસ્તકાલય, યુનિવર્સિટી, રમતગમતની તાતી જરૂરીયાત છે તેની ઉપર વિશદ્દ માહિતી આપવામાં આવી હતી. જાથાનો ૧૦૦૬ર મા કાર્યક્રમને સફળતા મળી હતી. 'એ' ડિવીઝન પોલીસ સ્ટેશને પુરતો બંદોબસ્ત ગોઠવ્યો હતો.

કાર્યક્રમનું વૈજ્ઞાનિક પદ્ધતિથી ઉદ્દઘાટનમાં રાજકોટ મહાનગરપાલિકાના શાસક પક્ષના નેતા લીલુબેન જાદવ, દંડક મનીષભાઈ રાડીયા, પ્રભારી શાળાના ટ્રસ્ટી પરેશભાઈ ઠાકર, કેમ્પસ ડાયરેક્ટર સુનિલભાઈ સોલંકી, હાઈસ્કૂલના આચાર્યા હરેન્દ્રસિંહ ડોડીયા, સામતભાઈ કાગળીયા, મીતલબેન રાવલની હાજરીમાં કરવામાં આવ્યું હતું.

શાસક પક્ષના નેતા લીલુબેન જાદવે છાત્રોને સંબોધતા જણાવ્યું કે અંધશ્રદ્ધાને દેશવટો આપવાની તાતી જરૂરીયાત છે. વિજ્ઞાન અભિગમથી રાષ્ટ્ર મજબુત બને છે. તેમણે આયોજકોને અભિનંદન પાઠવ્યા હતા. મહાનગરપાલિકાના દંડક મનિષભાઈ રાડીયાએ શ્રદ્ધા અંધશ્રદ્ધાનો ભેદ પારખવાની જરૂર છે. અંધશ્રદ્ધાથી માનવીને બરબાદી મળી છે. ભાવિ પેઢીને ધ્યાનમાં રાખી જુના-રદ્દી વિચારોને તિલાંજલિ આપવા હાકલ કરી હતી.

શાળાના ટ્રસ્ટી, ભા.જ.પ. ના પ્રભારી પરેશભાઈ ઠાકરે ઉદ્દઘાટન કરતાં જણાવ્યું કે વિજ્ઞાન જાથા વર્ષોથી પાખંડ સામે કામ કરે છે. લોકોની ફરજ બને છે કે અંધશ્રદ્ધાને તિલાંજલિ આપવી, સામુહિક પ્રયાસથી અંધશ્રદ્ધા નાબુદ થશે. કેમ્પસ ડાયરેક્ટર સુનિલભાઈ સોલંકીએ વ્હેમ, અંધશ્રદ્ધા, કુરિવાજો, વ્યસનો, જુની માન્યતા, પરંપરાને ત્યાગી નવાંગતુક વિચારોને પ્રાધાન્ય આપવાની તાતી જરૂરીયાત છે. શાળાના આચાર્યા મિતલબેન રાવલે શાળા સત્રના પ્રારંભે નવો અભિગમ મુકવાની નેમને સફળતા મળી છે. જ્ઞાન-વિજ્ઞાન દેશનો પાયો છે.

જાથાના રાજ્ય ચેરમેન એડવોકેટ જયંત પંડયાએ છાત્રોને સંબોધતા જણાવ્યું કે વિજ્ઞાનની શોધ માનવ કલ્યાણ માટે હોય છે. વિજ્ઞાને અનેક રહસ્યો ખોલી નાખ્યા છે. તેનો સદ્દઉપયોગ કરી સાથે મળીને રાષ્ટ્રને મજબુત કરવાની જરૂર છે. વિજ્ઞાનને સરહદના સીમાડા નડતા નથી.વિજ્ઞાનમાં જો અને તો ને સ્થાન નથી. અનેક કસોટીને એરણે ચડાવ્યા પછી સચોટ માન્યતા મળી છે. લોકોને વિજ્ઞાનથી ફાયદો થયો છે તે નજરે જોઈએ છીએ. ભારતમાં મહિલાઓ તાંત્રિકો, લેભાગુ, ભુવાઓ, મુંજાવરોનો વારંવાર ભોગ બને છે. જાગવાની જરૂર છે. ઘરથી સુધારો કરવાની જરૂર છે. દેશની પ્રગતિનો આધાર વિજ્ઞાન છે. જાથા સતત ફિલ્ડ ઉપર કામ કરી વિવેકાધીન કાર્ય કરે છે. લોકોનો સ્વયંભુ ટેકો મળે છે. ટીમવર્કની પ્રશંસા કરી હતી.

જાથાના રાજય ચેરમેન એડવોકેટ જયંત પંડયાએ છાત્રાઓ, વાલીને સંબોધતા જણાવ્યું કે શિક્ષણ આવવાથી બે નહિ ચાર આંખની દ્રષ્ટિ મળે છે. પરિવારને સુખી સમૃધ્ધ કરવું હોય તો શિક્ષણની આવશ્યકતા અતિ જરૂરી છે. માનવીને મુશ્કેલીના સમયે વિજ્ઞાન દ્રષ્ટિકોણ લાભપ્રદ છે. યુરોપ ખંડની પ્રગતિનો આધાર વિજ્ઞાન સાથે તર્કના મૂલ્યાંકનને આભારી છે. ભારતમાં શાળા, લેબોરેટરી, વૈદ્યશાળા, પુસ્તકાલય, યુનિવર્સિટી, ઉદ્યોગ-રોજગારી કેન્દ્રની માનવ સમાજ માટે ઉપયોગી છે. ધર્મ કે ધાર્મિક સ્થાને વિશ્વની એકપણ સમસ્યા ઉકેલી શકયા નથી. ધર્માંધતા માનવીને પાંગળો બનાવે છે. અતિશ્રદ્ધા અંધશ્રદ્ધામાં સરી પડે નહિ તેની અતિ કાળજી રાખવી જોઈએ. અંધશ્રદ્ધાથી માનવીને પાયમાલી મળી છે. અંધશ્રદ્ધાને દેશવટો આપવો જોઈએ. કોઈપણ ધર્મના નેતાએ પોતાના દેશની એકપણ સમસ્યા ઉકેલી નથી. પોતાની મહત્તા વધારી લોકોને ધાર્મિક ચિહનો, કર્મકાંડ-ક્રિયાકાંડો તરફ દોરી જઈને શારીરિક, માનસિક આર્થિક શોષણ કર્યું છે તેથી જાગવાની જરૂર છે.

જાથાના પંડયાએ વાસ્તુશાસ્ત્ર, ફેંગસૂઈ, અંકશાસ્ત્ર, છાયાશાસ્ત્ર, જ્યોતિષ, સીગ્નેચર વિગેરે અવૈજ્ઞાનિક, અવાસ્તવિક, અતાર્કિક હોય તેનું અનુસરણ કરવાથી માનવીને અધોગતિ મળે છે. વિજ્ઞાન યુગમાં લોકોએ જાગવાની જરૂર છે. ભૂત-પ્રેત, જીન્નાત, ખવીસ, ચુડેલ, ડાકણ, મામો, અદ્રશ્ય શક્તિ, દિવ્ય શક્તિ, આસુરી શક્તિ જેનું અસ્તિત્વ જ નથી તેનો ભય, ડર કાઢી નાખવાની તાતી જરૂરીયાત છે. સદીઓ પુરાણા વિચારોને તિલાંજલિ આપી વિજ્ઞાન-ટેકનોલોજી, નેનો, એ.આઈ. ની સિધ્ધીઓને અનુસરીને આપણા બાળકોને સિધ્ધી હાંસલ કરવાના પ્રયત્નો કરવા જોઈએ.

જાથાના પંડયાએ વૈજ્ઞાનિક પ્રયોગોમાં એકના ડબલ, હાથમાંથી કંકુ-ભસ્મ-લોહી નીકળવું, સંમોહન, કાનેથી ચિઠ્ઠી વાંચવી, ઉકળતા તેલમાંથી હાથેથી પુરી તળવી, એકના ડબલ, બોલતું તાવીજ, હઝરતમાં જોવું, બેડી તુટવી, ધૂણવું-સવારી આવવાની ડિંડક લીલા વિગેરેનું નિદર્શન કરી શીખડાવી દેવામાં આવ્યા હતા.

પ્રયોગ નિદર્શનમાં મીમીકી આર્ટીસ્ટ ઉમેશ રાવ, તુષાર રાવ, સંજયભાઈ, જાથાના અંકલેશ ગોહિલ, રોમિત રાજદેવ, ભાવનાબેન વાઘેલા એડવોકેટ, ભાનુબેન ગોહિલે ભાગ લીધો હતો.

શાળાના ગણિત-વિજ્ઞાન શિક્ષક હિરેનભાઈ સુવાએ ઉત્કૃષ્ટ કામગીરી કરી હતી તેની કદર કરવામાં આવી હતી. શાળાના સમગ્ર સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

જાથાનો ૧૦૦૬ર મો કાર્યક્રમ સફળ બન્યો હતો. વધુ માહિતી માટે મો. ૯૮રપર ૧૬૬૮૯ ઉપર સંપર્ક કરવો.

# રાજકોટ ગ્રામ્યમાં સઘન ટી.બી. નિર્મૂલન ઝુંબેશ હેઠળ ૧૪૫ દિવસમાં ૩૫૬ કેસ ડિટેક્ટ થયા

### ૭૭૨ દર્દીઓના બેંક ખાતામાં કુલ રૂ. ૩૪.૨૯ લાખ જમા કરાયા કુલ ૧૧૯૨ પોષણ કિટનું વિતરણ કરાયું



**મુખ્ય સમાચાર, રાજકોટ**
**આલેખનઃ માર્ગી મહેતા**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૧૮માં આરંભ કરેલા ''ક્ષય નિમૂર્લન કાર્યક્રમ'' અંતર્ગત ગુજરાત સરકાર દ્વારા સરાહનીય કામગીરી કરાઈ રહી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત રાજ્યમાં વર્ષ ૨૦૧૫ની સાપેક્ષે વર્ષ ૨૦૨૩માં નવા દર્દીઓના રજીસ્ટ્રેશનમાં ૩૪% અને મૃત્યુદરમાં ૩૭%નો નોંધપાત્ર ઘટાડો થયો છે. જેને બિરદાવતા કેન્દ્ર સરકારે ગુજરાત રાજ્યને 'સ્ટેટ્સ વીથ મોસ્ટ ઇમ્પ્રુવમેન્ટ' શ્રેણીમાં પ્રથમ ક્રમાંકે રાખ્યું છે. રાજકોટ જિલ્લા ક્ષય નિવારણ કેન્દ્ર ટી.બી. (ટ્યુબરક્યુલોસીસ)ના દર્દીઓની શ્રેષ્ઠત્તમ સારવ-ાર અર્થે સતત પ્રયત્નશીલ છે.

ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના સમગ્ર ભારતને ક્ષયમુક્ત બનાવવાના નિર્ધારને પૂર્ણ કરવાના આશયથી ગત તા. ૦૭ ડીસેમ્બર, ૨૦૨૪થી ગત તા. ૩૦ એપ્રિલ, ૨૦૨૫ સુધી સઘન ટી.બી. નિર્મૂલન ઝુંબેશ ચલાવાઈ હતી. જે અન્વયે રાજકોટ જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી આર. આર. ફૂલમાળીના માર્ગદર્શન હેઠળ ગ્રામ્ય વિસ્તારમાં ક્ષય નિર્મૂલન ઝુંબેશ હેઠળ ૧૪૫ દિવસમાં ૧,૫૨,૬૦૩ હાઇ રિસ્ક લોકોનું સ્ક્રીનીંગ કરાયું હતું, જે પૈકી ૫૧,૮૪૨ લોકોના ફેફસાંનો એક્સ-રે કરાયો હતો, જ્યારે ૨૦,૨૪૪ લોકોના ગળફાંની તપાસ કરાઈ હતી. જે પૈકી ૩૫૬ લોકોને ક્ષય હોવાનું નિદાન થતાં હાલમાં તેઓ સારવાર લઈ રહ્યાં છે.

ભારત સરકાર દ્વારા ટી.બી.ના દર્દીઓને પોષણયુક્ત આહાર ઉપલબ્ધ કરાવવા નિક્ષય પોષણ યોજના હેઠળ દર મહિને રૂ. ૧૦૦૦ની સહાય ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર થકી દર્દીના ખાતામાં જમા કરવામાં આવે છે. રાજકોટ જિલ્લા ક્ષય નિવારણ કેન્દ્ર હેઠળ સારવાર લેતાં ૭૭૨ દર્દીઓને ગત તા. ૦૭ ડિસેમ્બર, ૨૦૨૪થી ગત તા. ૩૦ એપ્રિલ, ૨૦૨૫ સુધીમાં કુલ રૂ. ૩૪,૨૯,૦૦૦ની સહાય અપાઈ હતી.

રાજકોટ જિલ્લા ક્ષય અધિકારીશ્ર ડો. ઘનશ્યામ મહેતાના માર્ગદર્શન મુજબ ગ્રામ્ય વિસ્તારમાં 'પ્રધાનમંત્રી ક્ષયમુક્ત ભારત અભિયાન' હેઠળ નિક્ષય મિત્ર (દાતાઓ)ના સહયોગથી ગત તા. ૦૭ ડિસેમ્બર, ૨૦૨૪થી ગત તા. ૩૦ એપ્રિલ, ૨૦૨૫ સુધીમાં ટી.બી. દર્દીઓને પોષણયુક્ત આહાર ઉપલબ્ધ કરાવવા કુલ ૧૧૯૨ પોષણ કિટનું વિતરણ કરાયું હતું. ઉલ્લેખનીય છે કે પોષણ કીટમાં અનાજ, કઠોળ, દાળ, દૂધ સહિતના પૌષ્ટિક પદાર્થોનો સમાવેશ કરાય છે.

આમ, રાજ્યના નાગરિકોના આરોગ્યની જાળવણી માટે ગુજરાત સરકાર દ્વારા અનેકવિધ પગલાંઓ લેવામાં આવી રહ્યાં છે.

# અમદાવાદના જુહાપુરામાં બુલડોઝર એક્શન, કુખ્યાત નઝીરે સરકારી જમીન પર બનાવેલું ફાર્મ હાઉસ તોડી પડાયું




**મુખ્ય સમાચાર, અમદાવાદ**

અમદાવાદના જુહાપુરામાં મંગળવારે (૧૦ જૂન) સવારે મુખ્ય માર્ગની બાજુમાં સરકાર જમની પર આવેલા ગેરકાયદે ઝુબેદા હાઉસની તંત્ર દ્વારા તોડી પાડવામાં આવ્યું છે. કથિત રીતે ઈતિહાસકાર નઝીર વોરા દ્વારા બનાવેલી તેમજ સંચાલિત આ મિલકત છેલ્લાં ઘણા સમયથી તપાસ હેઠળ હતી.

કડક પોલીસ સુરક્ષા બંદોબસ્ત હેઠળ આ મિલકત તોડી પાડવામાં આવી હતી. કાયદો અને વ્યવસ્થા ન ખોરવાય તે માટે વરિષ્ઠ અધિકારીઓને પણ તૈનાત કરવામાં આવ્યા હતા. અધિકારીઓએ પુષ્ટિ કરી હતી કે, આ મિલકત ૨૦,૦૦૦ ચોરસ ફૂટમાં સરકારી જમીન પર દબાણ કરીને બનાવવામાં આવી હતી, જેને નઝીર વોરા દ્વારા વોરા ફાર્મહાઉસના રૂપે બનાવી હતી.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, વોરાએ આ જગ્યાએ બાળકો માટે મનોરંજનની સુવિધા પણ ઊભી કરી હતી. આ સિવાય તે આ ફાર્મહાઉસને લગ્ન સમારોહ અને અન્ય પારિવારિક ઈવેન્ટ માટે ભાડે આપતો હતો. અધિકારીએ જણાવ્યું કે, આ જમીન સરકારી હોવા છતાં, તેનો વેપાર માટે ઉપયોગ કરવામાં આવતો હતો.

મળતી માહિતી મુજબ, નઝીર વોરાનો લાંબો ગુનાઈત રેકોર્ડ છે, તેની સામે હત્યા, હત્યાનો પ્રયાસ, અપહરણ, ખંડણી, હુમલો અને ગેરકાયદે જમીન પચાવી પાડવાના આરોપો સહિત ૨૯થી વધુ ગંભીર ગુના નોંધાયેલા છે. અધિકારીના જણાવ્યા અનુસાર, 'આ મિલકત તોડી પાડવાની કામગીરી શહેરમાં જમીન માફિયા અને અન્ય ગેરકાયદે બાંધકામો સામે ચાલી રહેલા અભિયાનનો એક ભાગ છે. આ કાર્યવાહી એ સ્પષ્ટ સંદેશ છે કે કોઈ પણ કાયદાથી ઉપર નથી, ભલે તેમનો પ્રભાવ કે ભૂતકાળનો રેકોર્ડ ગમે તે હોય. હાલ વોરા સામે નોંધાયેલા અન્ય ગુનાઓની તપાસ પણ હાથ ધરવામાં આવી છે.'

# ટ્રાન્સપોર્ટ સંચાલક પિતા પુત્રો પર હુમલો કરનારને પોલીસ છાવરતી હોવાનો આક્ષેપ

### પોલીસે હળવી કલમ હેઠળ ગુનો નોંધ્યો હોવાની ચુવાળિયા કોળી સમાજ દ્વારા રજૂઆત



**મુખ્ય સમાચાર, રાજકોટ**

માર્કેટિંગ યાર્ડ નજીક ટ્રાન્સપોર્ટનગરમાં ટ્રાન્સપોર્ટ સંચાલક પિતા પુત્રો ઉપર ટ્રાન્સપોર્ટર સહિતનાએ છરી, ધોકાથી હુમલો કરી વાહન અને ઓફિસમાં તોડફોડ કરવાના બનાવમાં શ્વશ્વનું આક્ષેપ આતુ કમલ હેથળ ગુને નહિ નોંધુતા આજે આ મામલે ગુજરાત ચુવાળીયા કોળી સમાજ દ્વારા પોલીસ કમિશનરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

શહેરના રૈયારોડ પર પ્રમુખ સ્વામી ઓડિટોરિયમ હોલની સામે શુભમ ડુપ્લેક્સમાં રહેતા અને યાર્ડ પાછળ ટ્રાન્સપોર્ટનગરમાં પૂનમ રોડવેઝ નામથી ટ્રાન્સપોર્ટનો વ્યવસાય કરતા મગનભાઈ હરજીભાઈ ધોળકિયા (ઉ.વ.૬૭) તેમના બંને પુત્ર સુનિલ (ઉ.વ.૩૮) અને નયન (ઉ.વ.૩ર) ત્રણેય ગત સાંજે ટ્રાન્સપોર્ટની ઓફિસે તાત્યારે પાછળ માં અને નવાગામમાં સોનલકૃપા એન્ટરપ્રાઈઝ નામની ટ્રાન્સપોર્ટની ઓફિસ ધરાવતા યોગીરાજસિંહ શક્તિસિંહ પરમારએ મગનભાઈને ફોન કરી કહ્યું હતું કે, મારા ભત્રીજાને એસ.ટી.બસમાં નોકરી માટે તમારા પૂનમ રોડવેઝનો લેટરપેડ સહી સિક્કા વાળો જોઈએ છે. જે આપવાની પ્રૌઢે ના પાડતા યોગીરાજસિંહ ફોનમાં ઉશ્કેરાઈ ગાળાગાળી કરી તમે ક્યાં છો, હું હમણાં આવું છું કહી થોડીવારમાં કાર લઈને યોગીરાજ તેની સાથેના માધવ પરમાર, રૂષિરાજ જાડેજા અને અજ શખ્સ આવ્યા હતા અને ઝગડો કરી ધોકા અને છરી વડે ઓફિસમાં તોડફોડ કરી મગનભાઈ તેમજ બન્ને પુત્રો સુનિલ અને નયન ઉપર ધોકા છરી વડે હુમલો કર્યો હતો. આ મામલે ચુવાડીયા કોળી સમાજ દ્વારા પોલીસ કિમિશનરને આવેદનપત્ર આપી રજૂઆત કરવામાં આવી હતી કે આ બનાવ અંગે આજીડેમ પોલીસે ફરિયાદ પરથી યોગીરાજ પરમાર, માધવ પરમાર, ત્રઋતુરાજ જાડેજા તથા એક અજાણ્યા શખ્સ વિરુધ્ધ હળવી કલમ હેઠળ ગુનો દાખલ કર્યો છે. આ હુમલા ખોરો અને આજીડેમ પોલીસ સ્ટેશનના અધિકારીઓ સાથે સાઠગાઠ ધરાવતા હોય અને પૂર્વ આયોજિત કાવતરું રચી આ ખૂની હુમલો કરી તોડફોડ કરવામાં આવી હોય તેમજ ખૂની હુમલાની કલમો તેમજ તોડફોડ કરી તેમજ નુકશાન પહોચાડયું હોય અને પૂર્વ આયોજિત કાવતરું રચી લુટ પણ ચલાવી હોય પોલીસ દ્વારા આ હુમલાખોરોને છાવરી હળવી કલમો હેઠળ ગુન્હો નોંધવામાં આવ્યો છે. આ ઘટનામાં અધિકારીઓ ત્યાં છે તે સ્વાખોરો જેની સ્વભાવના હોય અને હાલમાં પણ ફરાર હોય પરિવારજનો પર સતત ભય હેઠળ હોય તેમજ ફરીવાર આ હુમલાખોરો હુમલો કરે કે અકસ્માત સર્જી મૃત્યુ સ્વરૂપજાવે તેવી દહેશત હોય જેથી એ હુમલાખોરો ઉપર ત્વરિત પગલા લેવા માંગ કરી હતી.

# કોરોનાએ ગતિ પકડી ચાર વર્ષના બાળક સહિત વધુ ૧૧ પ્રોઝિટિવ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

જામનગર શહેરમાં કોરોનાના કેસ સતત નોંધાઈ રહ્યા છે. આજે ફરી વખત વખત ગતિ પકડી હોય તેમ એકજ દિવસમાં ૧૧ વધુ કેસ નોંધાયો છે. છે.જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં પણ એક કેસ નોંધાયો.છે. શહેરી વિસ્તારમાં આજના ૧૧ કેસ માંથી ૬ મહિલા અને પાંચ પુરુષનો સમાવેશ થાય છે. આ તમામને હોમ આઇસોલેસનમાં રાખવામાં આવ્યાં છે. શહેરમાં હાલની સ્થિત એ કુલ ૫૫ એક્ટિવ કેસ છે. જ્યારે ગ્રામ્ય વિસ્તાર માં ત્રણ એક્ટિવ કેસ છે. જામનગર શહેર માં કોરોનાના કેસની સંખ્યા સતત વધી રહી છે.

જામનગરના શહેરી વિસ્તાર માં આજે વધુ ૧૧ કેસ નોંધાયા છે. જેમાં ડેન્ટલ કોલેજ વિસ્તારનો ૨૨ વર્ષનો તબીબી વિદ્યાર્થી યુવાન, સમર્પણ હોસ્પિટલ ક્વાટરમાં રહેતા એક પરિવારની ૧૭ વર્ષની તરુણી, ૫૮-દિગ્વિજય પ્લોટ વિસ્તાર માં રહેતા એક પરિવારનો ચાર વર્ષના પુત્ર, આર્ય સમાજ માર્ગે રહેતો ૨૩ વર્ષનો યુવાન, લીમડાના વિસ્તારમાં જતા ૪૫ વર્ષના મહિલા., ઓસવાળ ગર્લ્સ હોસ્ટેલ બિલ્ડીંગમાં રહેતા ૪૦ વર્ષના મહિલા, પટેલ કોલોનીમાં રહેતા ૩૩ વર્ષના મહિલા, હવાઇ ચોક વિસ્તારના ૪૦ વર્ષના મહિલા, વાલકેશ્વરી નગરી વિસ્તારના ૪૧ વર્ષના મહિલા, કુબેર પાર્ક વિસ્તારના ૪૧ વર્ષના પુરુષ અને સંદીપ સોસાયટીના ૨૮ વર્ષના પુરુષનો સમાવેશ થાય છે. આ તમામને હોમ આઈસોલેશનમાં જ સારવાર આપવામાં આવી રહી છે. જામનગર શહેરમાં આજની સ્થિતિ એ કુલ ૫૫ એક્ટિવ કેસ છે. જામનગરની સરકારી જી.જી.હોસ્પિટલમાં એક પણ દર્દી સારવાર હેઠળ નથી. જ્યારે જામનગર ગ્રામ્ય વિસ્તારમાં આજે ચંદ્રગઢ ગામના એક ૩૮ વર્ષના પુરુષનો કેસ નોંધાયો છે. આમ ગ્રામ્ય વિસ્તારમાં હાલની સ્થિતિ એ ત્રણ એક્ટિવ કેસ છે.

## સમાચાર સંક્ષીપતમાં

### ઉપલેટા, કોટડાસાંગાણી અને લોધીકા તાલુકામાં ગ્રામ્ય પાણી પુરવઠા યોજના અન્વયે રૂ. ૫.૯૩ લાખના વિકાસ કામોને સૈદ્ધાંતિક મંજૂરી

રાજકોટ જિલ્લામાં સરકારના ઓગ્મેન્ટેશન ઇન જનરલ રૂરલ એરીયા કાર્યક્રમના અમલીકરણ માટે જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિ કાર્યરત છે. જેની બેઠકમાં કલેક્ટરશ્રી પ્રભવ જોષીના અધ્યક્ષસ્થાને ગ્રામ્ય પાણી પુરવઠા યોજના અન્વયે કુલ રૂ. ૪૪,૨૪,૪૨૧ના વિકાસ કામોને સૈદ્ધાંતિક મંજૂરી અપાઈ છે. જે પૈકી ઉપલેટા તાલુકાના મેખાટીંબી ગામમાં રૂ. ૭૩,૦૦૦ના ખર્ચે હયાત બોર પર અને કોટડાસાંગાણી તાલુકાના રાજપરા ગામમાં રૂ. ૫૪,૦૪૧ના ખર્ચે હયાત કુવા પર પમ્પીંગ મશીનરી તેમજ લોધીકા તાલુકાના રાતૈયા ગામમાં રૂ. ૪,૬૬,૬૯૩ના ખર્ચે નવા બોર તથા પમ્પિંગ મશીનરીની કામગીરી થશે. આમ, ઉપલેટા, કોટડાસાંગાણી અને લોધીકા તાલુકામાં ગ્રામ્ય પાણી પુરવઠા યોજના અન્વયે રૂ. ૫,૯૩,૭૩૪ના વિકાસ કામોને સૈદ્ધાંતિક મંજૂરી અપાઈ છે, તેમ જિલ્લા જળ અને સ્વચ્છતા એકમની યાદીમાં જણાવાયું છે.

### ગુમશુદા વૃદ્ધાની જાણકારી આપવા અંગે

રાજકોટ તાલુકાના વાવડી ગામમાં આંગન રેસીડન્સી ખાતે રહેતા લાભુબેન મોહનભાઈ રૈયાણી (ઉ.વ. ૮૦) ગત તા. ૦૫ જૂનના રોજ ઘરેથી એકલા નીકળી ગયા હતાં. તેઓ પાતળો બાંધો અને ઘઉં વર્ણ ધરાવે છે. તેણે ચશ્મા અને લીલા રંગની સાડી પહેરી છે. તેના બંને હાથ પર છુંદણાના નિશાન છે. ગુમશુદા વૃદ્ધા વિશે જાણકારી મળે તો રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનના ફોન નં. ૦૨૮૧-૨૫૬૩૩૪૦ અથવા મો.નં. ૬૩૫૯૬ ૨૭૪૧૫ અથવા ૯૭૧૨૫ ૨૨૩૫૫ પર જાણ કરવા યાદીમાં જણાવાયું છે.

### અજાણી લાશના વાલી-વારસને પોલીસ સ્ટેશને સંપર્ક કરવા સૂચના

રાજકોટ જિલ્લાના બેડી ચોકડી પાસે, અમદાવાદ બાયપાસ રોડના રેલવે બ્રિજ નીચે રેલ્વે ટ્રેક પર તા.૦૭ જૂન ૨૦૨૫ના રોજ રાત્રીના ૦૩૨૫ કલાક પહેલા આશરે ૫૫ વર્ષીય અજાણ્યા પુરુષની લાશ મળી હતી. મૃતક શરીરે મધ્યમ બાંધાના આશરે ૫.૫ ફૂટ ઊંચાઈ ધરાવતા હતા. તેમણે શરીરે સફેદ કલરનું ગંજી તથા કાળા કલરનું પેન્ટ પહેરેલ અને સફેદ દાઢી છે. મૃતકના વાલી-વારસને સીટી બી. ડિવિઝન પોલીસ સ્ટેશન ફોન નં ૬૩૫૯૬ ૨૯૮૬૭, મો. નં. ૭૩૮૩૧૧૮૮૭૬નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

### રાજકોટ જિલ્લાના ઓસમ ખાતે બિનનિવાસી પર્વતારોહણ તાલીમ શિબિર યોજાશે

યુવાનોમાં સાહસિકતાના ગુણ વિકસે અને બાળકોમાં રહેલ સુષુપ્ત શક્તિઓનો વિકાસ થાય તે હેતુથી ગુજરાત સરકારના, રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર અને જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, રાજકોટના સંયુક્ત ઉપક્રમે ધોરાજી તાલુકાના ઓસમ (પાટણવાવ)ખાતે ૮ થી ૩૫ વર્ષના યુવક-યુવતીઓ માટે એક દિવસીય બિનનિવાસી પર્વતારોહણ તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. તાલીમ શિબિરમાં ભાગ લેવા ઇચ્છુક રાજકોટ જિલ્લાના તાલીમાર્થીઓએ તા.૨૦/૦૬/૨૦૨૫ બપોરે ૧૨.૦૦ વાગ્યા સુધીમાં નિયત નમુનામાં સંપૂર્ણ વિગતો ભરીને અરજી ફોર્મ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી,૫/૫, બહુમાળી ભવન, રાજકોટ ખાતે મોકલી આપવાની રહેશે તેમ જિલ્લા યુવા વિકાસ અધિકારી હિતેષ દિહોરાની યાદીમાં જણાવાયું છે.

### અપહૃત સગીરાની ભાળ આપવા અનુરોધ

રાજકોટના રામ રણુજા-૧ પાસે માતૃશ્રી સ્કૂલ સામેની શેરીમાં રહેતી મુળ બગસરા તાલુકાની સગીરાનું તા.૨૪/૦૫/૨૦૨૫ના રોજ બપોરે ૧ વાગ્યાના સમયમાં કોઠારીયા સ્થિત રમકડાના કારખાનેથી અજાણ્યા ઈસમ દ્વારા લલચાવી કે ફોસલાવી અપહરણ કરવામાં આવેલ છે. સગીરાની ભાળ મળી આવે તો આજીડેમ પોલીસ સ્ટેશનને જાણ કરવા યાદી દ્વારા અનુરોધ કરવામાં આવે છે.

### ગોંડલ ચોકડી પાસે ટ્રેન અડફેટે મૃત્યુ પામેલા અજાણ્યા વ્યક્તિની માહિતી આપવા અંગે

રાજકોટના ગોંડલ ચોકડી પુલ નીચે રેલવે ટ્રેક પર ગત ૩૧મી મેના રોજ રાતે નવ કલાક આસપાસ આશરે ૫૦ વર્ષનો અજાણ્યો પુરુષ ટ્રેન અડફેટે આવી જતાં મૃત્યુ પામ્યો છે. ભિક્ષુક જેવા જણાતા આ પુરુષ અંગે આજી ડેમ પોલીસ સ્ટેશનમાં અકસ્માતે મોત નોંધાયું છે. તેમના અંગે જો કોઈ માહિતી કે વાલીવારસ મળી આવે તો આજી ડેમ પોલીસ સ્ટેશનના ફોન નંબર ૭૪૩૩૮ ૧૪૮૦૮, ૯૮૨૪૨ ૫૩૮૮૦ અથવા પી.એસ.આઈ. પી.કે. ગામેતીના મોબાઈલ નંબર ૭૬૯૮૧ ૪૯૫૯૫ પર જાણ કરવા યાદીમાં જણાવાયું છે.

### મોંઘીબા ગર્લ્સ હાઈસ્કૂલ-ગોંડલમાં વર્ગખંડોમાં મરામતનાં કામો માટે ટેન્ડર નોટિસ જારી

ગુજરાત સરકાર સંચાલિત મોંઘીબા ગર્લ્સ હાઈસ્કૂલ-ગોંડલમાં વર્ગખંડો અને અન્ય રૂમોની બારીઓમાં હેન્ડલ, સ્ટોપર, કાચ તૂટી ગયા છે. આશરે ૧૨૫ જેવા કામોમાં ચાર એમ.એમ.ના કાચ, સ્ક્રૂ ફિટિંગ, લાપી ભરવા, સ્ટોપર સહિતના ગુણવત્તાસભર કામો વ્યાજબી ઉઘડા ભાવે કરવા ટેક્સ સાથે ટેન્ડર હાઈસ્કૂલના આચાર્ય દ્વારા મગાવવામાં આવ્યા છે. ટેન્ડર નોટિસ પ્રસિદ્ધ થયેથી સાત દિવસમાં ટેન્ડર બંધ કવરમાં કચેરી સમય દરમિયાન રજાના દિવસો સિવાય પહોંચતા કરવાના રહેશે. કવર પર કામનું નામ સ્પષ્ટ લખવું. છેકછાક, ઘુંટેલા અક્ષરવાળા તથા શરતી ભાવો રદ ગણાશે. કોઈ પણ કારણ દર્શાવ્યા સિવાય ટેન્ડર મંજૂર કે નામંજૂર કરવાનો અબાધિત અધિકાર શાળાને રહેશે તેમ આચાર્યની યાદીમાં જણાવાયું છે.

# સૌરાષ્ટ્રની શ્યામલાલજીની હવેલીમા આવતીકાલે જયેષ્ઠાભિષેક - સ્નાન યાત્રાની ઝાંખી



સૌરાષ્ટ્રની અતિ પ્રાચીન હ શ્યામલાલજી ની હવેલી ખાતે કાલે તા. ૧૧ ના જયેષ્ઠાભિશેક સ્નાનની ઝાંખી સવારે ૬૩૦ કલાકે થશે.તેમજ નૌકા વિહારની ઝાંખી સંધ્યા આરતી તથા શયન દર્શનમાં થશે.

તો સમગ્ર વૈષ્ણવ સૃષ્ટિને લાભ લેવા ભાવભર્યુ આમંત્રણ પાઠવ્યું છે વધુ વિગત માટે હવેલી નંબર-૮૫૧૧૭૬૩૭૬૩ પ્રથમ પર કરવો.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# નિવૃત કર્મચારી પાસેથી બે લાખની લાંચ લેતા ટ્રસ્ટી ઝડપાયા

### એરીયસ બીલ અને રજા પગારની રકમ મંજૂર કરવા લાંચ માંગી'તી : ગાયત્રી હાઇસ્કૂલના મેનેજીંગ ટ્રસ્ટી અને કલાર્કને રંગેહાથ એસીબીએ ઝડપી લીધા





**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોધીકા તાલુકાના પાળ ગામે આવેલ ગાયત્રી હાઇસ્કૂલમાં ફરજ બજાવતા કર્મચારી નિવૃત થયા બાદ તેને મળવા પાત્ર મોંઘવારીના નાણા, એરીયસ બીલ, રજા રોકડ સહિતની રકમ વહેલી તકે ચુકવવા બાબતે ગાયત્રી એજ્યુકેશન ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી અને ગાયત્રી હાઇસ્કૂલના કલાર્કે રૂ.૨ લાખની લાંચ માંગતા એસીબીની ટીમે રંગેહાથ ઝડપી લઇ મેનેજીંગ ટ્રસ્ટી અને કલાર્કની ધરપકડ કરી છે.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ લોધીકા તાલુકાના પાળ ગામે આવેલ ગાયત્રી હાઇસ્કૂલમાં ફરજ બજાવતા કર્મચારી નિવૃત થયા હોય તેઓને મોંઘવારીના ૫૩ ટકા એરીયસ બીલની રકમ તથા રજા રોકડમાં રૂપાતરની રકમ મળી કુલ આસરે ૧૨.૧૫ લાખની રોકડ પોતાને ઝડપથી મળે તે માટે ગાયત્રી એજ્યુકેશન ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી ગુણવંતરાય ચુનીલાલ ખીરાએ ગાયત્રી હાઇસ્કૂલના કલાર્ક ધર્મેન્દ્ર ભાનુશંકર ખીરા મારફતે રૂ.૩ લાખનો વહીવટ કરવો પડશે તેવી માંગ કરી હતી. વાટાઘાટો થયા બાદ બે લાખની લાંચ ઘરે આપી જવાનો વાયદો કરેલ હોય અને આ લાંચની રકમ નિવૃત કર્મચારી આપવા માંગતા ન હોય જેથી તેઓએ રાજકોટ એસીબી ઇન્ચાર્જ મદદનીસ નિયામકનો સંપર્ક કરતા જે.એમ.આલની સુપરવીજન હેઠળ પીઆઇ આર.આર.સોલંકી સહિતના સ્ટાફે છટકુ ગોઠવ્યું હતું. તે દરમ્યાન વાણીયાવાડીમાં આવેલ ચલદીપ મકાનમાં રહેતા ગાયત્રી એજ્યુકેશન ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી ગુણવંતરાય ખીરા અને ગાયત્રી હાઇસ્કૂલના કલાર્ક ધરમેન્દ્ર ખીરા રૂ.૨ લાખની લાંચ લેતા રંગેહાથ ઝડપાઇ ગયા હતા. પોલીસે મેનેજીંગ ટ્રસ્ટી અને કલાર્કની વિધિવત ધરપકડ કરી હતી.

# તાવની બીમારીમાંથી સાજા થયા બાદ ૨૫ વર્ષીય યુવકનું હાર્ટ એટેકથી મોત

### ૧૫ દિવસ પૂર્વે જ યુવકની સગાઈ થઈ હતી, પ્રાદેશિક નગરપાલિકા કમિશનર કચેરીમાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે ફરજ બજાવતો હતો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલી શાંતિનિકેતન સોસાયટીમાં રહેતો ૨૫ વર્ષીય યુવક તાવની બીમારીથી સાજા થયા બાદ તેનું હાર્ટએટેકથી મોત નિપજ્યું છે. મૃતકની ૧૫ દિવસ પૂર્વે જ સગાઈ થઈ હતી અને તે પ્રાદેશિક નગરપાલિકા કમિશનર કચેરીમાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે ફરજ બજાવતો હતો.



શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર રામાપીર ચોકડી નજીક આવેલી શાંતિનિકેતન સોસાયટીમાં રહેતો ૨૫ વર્ષીય ઈશિત કમલેશભાઈ પંચોલી નામનો યુવકને પરિવાર દ્વારા ગઈકાલે સવારે ઉઠાડતાં તે બેભાન હાલતમાં જોવા મળ્યો હતો જે બાદ તેને તુરંત સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડતાં અહીં હાજર તબીબે મૃત જાહેર કર્યો હતો. બનાવની જાણ થતા જ પ્રાદેશિક કમિશનર સહિતના અધિકારીઓ હોસ્પિટલમાં દોડી ગયા હતા.

પરિવારજનો પાસેથી જાણવા મળ્યું હતું કે, ઈશિતની ૧૫ દિવસ પૂર્વે જ સગાઈ થઈ હતી.એક અઠવાડિયા પહેલા ઈશિતને તાવની બીમારી બાદ તેને નબળાઈ રહેતી હતી. યુવક કોન્ટ્રાકટ બેઝ પર પ્રાદેશિક નગરપાલીકા કમિશનર કચેરીમાં કોમ્પુટર ઓપરેટર તરીકે ફરજ બજાવતો હતો. બનાવથી પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે.

# નાનામવા રોડ પર કારમાં ૨૪ બોટલ વિદેશી દારૂ સાથે ચાલક ઝડાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

નાનામવા રોડ પર આવેલ દાસીજીવણપરા પાસે હ્યુન્ડાઇ આઇ-૧૦ કારમાં ૨૪ બોટલ વિદેશી દારૂ સાથે ચાલકને પોલીસે ઝડપી લઇ કાર સહિત રૂ.૧.૫૬ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

આ અંગેની માહિતી મુજબ ડીસીપી ઝોન-૨ એલસીબી ટીમના પીએસઆઇ આર.એચ.ઝાલા, એએસઆઇ જે.વી.ગોહિલ, આર.એન.મીયાત્રા, હેડ કોન્સ. રાહુલભાઇ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે નાનામવા રોડ પર દાસીજીવણપરા પાસેથી હ્યુન્ડાઇ આઇ-૧૦ કાર નંબર જીજે૦૧કેડી૫૦૧૪માં હાર્દિક ભુપત ભટ્ટ (રહે. લક્ષ્મીનગર મેઇન, નકલંક હોટલવાળી શેરી) નામનો શખ્સ નિકળતા પોલીસે તેને અટકાવી









કારની તલાસી લેતા ૨૪ બોટલ વિદેશી દારૂ મળી આવતા પોલીસે કાર સહિત રૂ.૧૫૬ લાખનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

# સાવરકુંડલા પાસે કારે બે બાઈકને અડફેટે લેતાં એકનું મોતઃ ચારને ઈજા





**મુખ્ય સમાચાર, રાજુલા**

સાવરકુંડલાના મહુવા રોડ ઉપર રાત્રીએ હિટ એન્ડ રનની ઘટના બની હતી. પુરપાટ ઝડપે આવી રહેલ કિયા ફોરવ્હીલ કારે બે બાઈકને અડફેટે લેતાં અકસ્માત સર્જાયો હતો. જ્યારે બન્ને બાઈકમાં સવાર ચાર લોકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. અને એક મહિલાનું મોત નિપજ્યું હતું. ઈજાગ્રસ્તોને સારવાર માટે સાવરકુંડલા હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. નાની બાળકીને સાવરકુંડલા રૂરલ પોલીસ દ્વારા સરકારી જીપમાં સારવાર માટે હોસ્પિટલ ખસેડી હતી.

આ ઘટના પગલે લોકોના ટોળેટોળા એકઠા થયા હતા. અકસ્માતમાં ઈજાગ્રસ્ત રિવા કેતનભાઈ જોશી ઉ.વ.૩ વર્ષ, કેતનભાઈ ચીમનભાઈ જોશી, ઉ.વ.૩૫, રિધ્ધીબેન કેતનભાઈ જોશી ઉ.વ.૨૮, જય અજીતભાઈ જોશી ઉ.વ.૨૮, ગંભીર ઈજાગ્રસ્ત થયા હતા. વનીતાબેન ચીમનલાલ જોશી ઉ.વ.૬૦નું મોત થયું હતું. અકસ્માતમાં સર્જી કાર ચાલક કાર મુકીને ફરાર થયો હતો. આ સમગ્ર મામલે સાવરકુંડલા ટાઉન પોલીસ ઘટના સ્થળે પહોંચી વધું તપાસ હાથ ધરી છે.

# અકસ્માત કેસમાં મૃતક અને બે ઈજાગ્રસ્તોને ૯૩.૨૦ લાખનું વળતર ચૂકવવા વીમા કંપનીને કોર્ટનો હુકમ

### બાઈકચાલકને હડફેટે લઈને ખાનગી મનિ બસ પલટી ખાઈ ગયાના ૯ વર્ષ પહેલાના કેસમાં મહત્વનો ચુકાદો


એડવોકેટ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભાવનગર હાઈવે પર સરધારના લાખાપર ગામ નજીક ભાઈકચાલકને હડફેટે લઈને ખાનગી મિનિ બસ પલટી ખાઈ ગયાના ૯ વર્ષ પહેલાના ગંભીર અકસ્માતમાં જસદણના રામળિયા ગામના એક યુવાનનું મૃત્યુ અને અન્ય બે યુવાનોને ગંભીર ઈજાના કિસ્સામાં મોટર એકસીડન્ટ ક્લેઈમ ટ્રિબ્યુનલ દ્વારા કુલ રૂપિયા ૯૩.૨૦ લાખનું વળતર એક માસમાં જ ચૂકવી દેવા વીમા કંપનીને હુકમ કર્યો છે.

આ અંગેની હકીકત મુજબ, ગત તા ૧૪-૮-૨૦૧૬ના રોજ ખાનગી મિનિ બસ જી.જે.- ૧૦- વી-૦૯૪૧ સવારના સરધારના લાખાપર ગામ પાસે પસાર થતી હતી ત્યારે બસના ચાલકે રસ્તા પર જઈ રહેલા એક મો.સા. ચાલકને હડફેટે લઈ પોતાની બસને પલ્ટી મરાવી દઈ જસદણ તાલુકાના રામળિયા ગામના ખોડાભાઈ ચનાભાઈ કંબોયાનું મોત થયું હતું. જ્યારે રામળીયા ગામના હિતેશભાઈ સુરેશભાઈ ગોંડલીયાને મગજમાં જીવલેણ ઈજા, ડાબી આંખ ગુમાવી દીધેલ અને નવઘણભાઈ જેન્તીભાઈ કંબોયાને બન્ને પગમાં ગંભીર ઈજાઓ થવા પામી હતી. જેમાં મૃત્યુ પામનાર ખોડાભાઈના વારસદારોએ તથા ઈજાઓ બંને હિતેશ ગોંડલીયા અને નવઘણ કંબોયાએ રાજકોટની કોર્ટમાં ક્લેઈમ કેસો દાખલ કર્યા હતા. જેમાં એચડીએફસી વીમા કંપનીએ મોટો વાંધો એવો લીધો હતો કે બસના માલીક દેવશીભાઈ પોલાભાઈ મોરીએ ડ્રાઈવર બદલાવેલ છે, જે ડ્રાઈવર હતા તેની પાસે લાયસન્સ ન હતું, તેવો તેથી વીમા કંપનીએ વળતર ન ચુકવવા માટે ભારપૂર્વક રજૂઆતો કરી હતી, પરંતુ ઈજાગ્રસ્તો હિતેશભાઈ તથા નવઘણભાઈએ ડ્રાયવરને ઓળખતા નથી તેવી જુબાની આપેલ, તેથી ડ્રાયવર બદલાવેલ છે કેમ તેનો પ્રશ્ન ઉભો રહેતો નથી, તેમજ અરજદારના વકીલ દ્વારા હિતેશભાઈને મગજનું ડીસએબીલીટી કાઢી આપનાર ડો. દિનેશ ગજેરા કે જેઓ સ્ટર્લિંગ હોસ્પિટલ હોસ્પિટલમાં લોકોને સારવાર આપે છે, તેમણે કોર્ટમાં હાજર રહી સચોટ અને સત્ય જુબાની આપી હતી, આમ અરજદારના વકીલની ધારદાર દલીલ તથા રજુઆતોને ધ્યાનમાં લઈ રાજકોટના એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજે બસની વીમા કં. એચ.ડી.એફ. સી. ઈન્સ્યોરન્સ સામે હિતેશભાઈ સુરેશભાઈ ગોંડલીયા કે જેમણે એક આંખ ગુમાવી છે તેમને ૪૧.૭૦ લાખ, નવથણભાઈને બંને પગે ગંભીર ઈજાનું રૂ. ૧૫.૫૦ લાખ તેમજ ગુજરનાર ખોડાભાઈ કંબોયાના વારસદારોને રૂ. ૩૬ લાખ વળતર માસ ૧માં ચુકવી આપવા હુકમ ફરમાવતા વીમા કં.એ તમામ રકમ અપીલ કર્યા વિના કોર્ટમાં જમા કરાવી દીધી છે.

આ કામમાં અરજદારો વતી રાજકોટના કલેઈમ ક્ષેત્રના ગોહિલ એસોસિયેટ્સના વકીલ શ્યામ જે. ગોહિલ, હીરેન જે.ગોહિલ, મૃદુલા ગોહિલ, પુનીતા પટેલ(વેકરીયા), દીવ્યેશ કણજારીયા, અશોક લુભાણી રોકાયા હતા.

# અર્જુન જવેલર્સના શોરૂમમાં રૂ.૨૫.૬૨ લાખના દાગીનાની કર્મચારીએ કરી ચોરી

### શોરૂમના લોકરમાં રાખેલા સોનાના દાગીના ગુમ થતા મેનેજરે નોંધાવી તાલુકા પોલીસમાં ફરીયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના મવડી મેઈન રોડ પર આવેલ અર્જુન જવેલર્સ પ્રાયવેટ લીમીટેડ નામના શોરૂમમાં નોકરી કરતા શખ્સે રૂ.૨૫.૬૨ લાખના દાગીનાની ચોરી કરી જતા તાલુકા તોલીસમાં મેનેજરે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

આ અંગેની માહિતી મુજબ મોટામવા શમસાન પાસે ફીલ્ડમાર્શલ રોડ પર આંગન ગ્રીન સીટી એપાટમેન્ટમાં રહેતા અને મવડી મેઈન રોડ પર આવેલ અર્જુન જવેલર્સ પ્રા. લીમીટેડ નામના શોરૂમમાં ઓપરેશ મેનેજર તરીકે નોકરી કરતા હિતેષભાઇ ભગવાનજીભાઇ વસોયા નામના યુવાને તાલુકા પોલીસમાં શોરૂમમાં નોકરી કરતો નૈમીષ વિજય જાની વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી છે કે, આ શખ્સે નોકરીના સમયગાળા દરમ્યાન શોરૂમના લોકરની બાજુમાં કેસ કાઉન્ટર ઉપર પડેલ પ્લાસ્ટીકના ડબ્બામાં પ્લાસ્ટીકના પાઉંચમાં મુકેલ સોનાના દાગીના જેમાં સોનાના ચેઇનનો ટુકડો, બે સોનાના ચેઇન, ત્રણ સોનાની વિંટી, સોનાની માળા, સોનાની હાથમાં આંગળામાં પહેરવાની પ્લેન રીંગ, સોનાનું પેન્ડલ, એક બ્લેસ્ટલેટ સહિત કુલ રૂ.૨૫.૬૨ લાખની કિંમતના દાગીના અલગ-અલગ સમયે ચોરી કરી ગયાની ફરીયાદ નોંધાવતા પીઆઇ. ડી.એમ.હરીપરાની સુચનાથી પીએસઆઇ એસ.પી.ચૌહાણ સહિતના સ્ટાફે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# બગીચામાં પરિવાર સાથે ગયેલા પ્રૌઢ પર બે શખ્સો છરી વડે તૂટી પડયા

### પ્રૌઢની દીકરી સામે ખરાબ ઈશારા કરતા શખ્સોને ટપારતા હુમલો કર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરનાં પોપટપરા મેઇન રોડ પર મીયાણાવાસમા રહેતા મુસ્લીમ પ્રૌઢ તેમનાં પરીવાર સાથે ગઇકાલે રવીવારે રાત્રીનાં સમયે રેલનગર સ્મશાનની સામે આવેલા બગીચામા ગયા હતા. આ સમયે તેમની ૧૯ વર્ષની દીકરી સામે ત્યા બગીચામા આવેલા ત્રણેક શખસો ગંદા ઇશારા કરતા હોય ત્યારે પ્રૌઢ જોઇ જતા તેઓને ટપારવા ગયા હતા. જેથી ઉશ્કેરાયેલા આરોપીઓએ છરી વડે પ્રૌઢ પર હુમલો કરી વાંસામા અને બેઠકનાં ભાગે ચારેક ઘા ઝીકી દેતા તેઓને સારવાર માટે સિવીલ હોસ્પીટલે ખસેડવામા આવ્યા હતા. આ અંગે પ્રનગર પોલીસ મથકનાં સ્ટાફે ગુનો નોંધવા તજવીજ શરૂ કરી છે. વધુ વિગતો મુજબ પોપટપરા મેઇન રોડ મીયાણાવાસમા રહેતા ફતેહમહંમદ ઈલ્યાસભાઈ બાબરીયા (ઉ.વ. ૫૧) રાત્રીનાં સમયે તેઓનાં પરીવાર સાથે રેલનગર મેઇન રોડ પર સ્મશાનની સામે આવેલા બગીચામા આંટો મારવા ગયા હતા. આ સમયે ત્યાં હાજર કિશન, અજીત અને તેની સાથેનાં અજાણ્યા શખસો પણ ત્યા હોય ત્યા તેઓ ફતેહમહંમદભાઈની દિકરી સામે ગંદા ઈશારા કરતા હોય જેની જાણ થઇ જતા ફતેહમહંમદ ભાઈ તેઓને સમજાવવા ગયા હતા.



જેને પગલે આરોપીઓ ઉશ્કેરાયા હતા. અને આરોપીઓએ છરી વડે ફતેહમહંમદભાઈને બેઠકનાં ભાગે અને વાંસાનાં ભાગે ચારેક ઘા ઝીકી દીધા હતા. ત્યારબાદ આરોપીઓ ત્યાથી ધમકી આપી જતા રહ્યા હતા. ત્યારબાદ ઘવાયેલા ફતેહમહંમદભાઈને સારવાર માટે તુરંત સિવીલ હોસ્પીટલે લઇ જવામા આવ્યા હતા. તેઓ મજુરી કામ કરી પરીવારનુ ગુજરાન ચલાવે છે. આ મામલે પ્રનગર પોલીસ મથકમા એન્ટ્રીની નોંધ થતા ઈનવેમા રહેલા સ્ટાફે ફરીયાદીની ફરીયાદ નોંધવા અને તેમની દિકરીનુ નિવેદન લેવા તજવીજ શરૂ કરી છે.

# આશાવર્કર સાથે રસોડાનો સામાન લેવા મુદ્દે પાડોશી શખ્સનો ઘરમાં ઘુસી બ્લેડથી હુમલો

### મધરાત્રે બખેડો કરનાર શખ્સે પોલીસથી બચવા પોતાના શરીરે પણ બ્લેડથી છરકા કર્યાની ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રૈયાધારે આશાવર્કર સાથે રસોડાનો સામાન લેવા લેવા મામલે પાડોશી શખ્સે માથાકૂટ કરી અને મોડી રાત્રે પરિણીતાના ઘરમાં પ્રવેશ કરી તેણીને શરીરે બ્લેડ વડે છરકા કરી પોલીસની ધરપકડથી બચવા માટે પોતાની જાતે એરોપીએ શરીરે બ્લેડ વડે છરઠા કરી પોતાને ઈજા પહોંચાડી હતી. આ મામલે હવે પોલીસે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે.

આ ઘટના મામલે મહિલાએ હરિયાદમાં જણાવ્યું હતું કે, હું રૈયાધાર અર્બન હેલ્થ કેરમાં આશાવર્કર તરીકે છેલ્લા ચાર માસ થી ફરજ બજાવું છું. ત્રણ દિવસ પહેલા પાડોશમાં રહેતા રમેશભાઈ દેવજીભાઈ રાઠોડ પોતાના રસોડાના ડ્રોવરના કર્નિચરનો સામાન શેરીની બહાર ભાંગતુટ અર્થે લાવ્યા હોય જેથી મેં આ રમેશભાઈને ભાંગતોડ કરોમાં મારા સાસુ જસુબેનને તમો પૂછી લેજો જો આ સામાન લેવો હશે. તો મારી સાસુ લેશે અને આ રમેશભાઈએ બસો રૂપિયામાં વેચવા અમોને તૈયારી દર્શાવી સામાન અમારા સામેના મકાનમાં મૂકી દીધો હતો. જે બાદ મારા સાસુ જસુબેનને સામાન બાબતે વાત કરતા તેઓએ સમાન લેવાનીના પાડી હતી. જે બાદ મારી સાસુ જસુબેન કે જેઓ ૫૦૧-બી રૈયાધા ૨ બાર માળીયા ટાઉનશીપ રામાપીર ચોકડી ખાતે રહે છે ત્યાં ગયા હતા. જ્યાંથી પરત મારા નિવાસ સ્થાને જતા આ રમેશનો મારા મોબાઈલમાં ફોન આવેલ અને સામાન વિશે પૂછ્તા અ પૂછ્તા અમારે લેવો નથી તેમ જણાવેલ જે બાદ તેને ફોન કાપી નાખેલ હતો. જે બાદ થોડીવાર બાદ આ રમેશભાઈ મને ફોન ઉપર ફોન કરતો હોય અને હું થાકી ગયેલ હોય આ રમેશ મારા ઘરની અંદર ગેરકાયદેસર મોડી રાત્રીના એકાદ વાગ્યાની આસપાસ આવી મારો દરવાજો ખુલ્લો હોય હું નિંદરમાં હોય તે દરમિયાન પોતાના હાથમાં રહેલ બ્લેડ વડે મારા હોઠના તેમજ દાઢીના તેમજ મોઢાના ભાગે છરકા મારવા લાગતા હું ઊઠી જતા મને ગાળો દેતા દેતા ઢીકાપાટુનો મારમ-ર્યો હતો. બાદમાં પરિણીતા બને દીકરીઓ રાડો પાડી ઘરની બહાર દરવાજો ખોલી આ રમેશભાઈ ને ધક્કો મારી ભાગી ગયેલ અને શેરીમાં દેકારો થતા માણસો ભેગા થતા આ રમેશે પોતાની જાતે બ્લેડ વડે પોતાના શરીરે ડાબા હાથે તેમ જ ગળાના ભાગે ચેકા મારી પોતે જ ગંભીર ઈજાગ્રસ્ત થયો હતો.રમેશ પોતાની પત્ની ગુજરી જતા જનુની સ્વભાવનો થઈ ગયો છે. આ અંગે યુનિવર્સિટી પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

# રાજકોટથી ગુમ થયેલ તરુણને દિલ્હીથી પોલીસે શોધી પરિવારને સોંપ્યો

### પોલીસે ૧૫૦૦ કિલોમીટરની સફર ખેડી ૩૬ કલાકમાં તરૂણનો પતો મેળવી લીધો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભક્તિનગર પોલીસ મથક વિસ્તારમાંથી ગુમ થયેલા ૧૫ વર્ષના તરુણને પોલીસે રાજકોટથી દિલ્હી સુધી ૧૫૦૦ કિ.મી.નો સફર ખેડીને અલગ અલગ શહેરોમાં તપાસ ૫ કરી ૩૬ કલાકમાં શોધી કાઢી પરિવારને - સોંપ્યો હતો.પોલીસની આ કામગીરીથી બાળકના પરિવારજનોએ પોલીસનો ૧ આભાર વ્યક્ત કર્યો હતો. ભક્તિનગર ૧ પોલીસ મથક વિસ્તારમાં એક ૧૫ વર્ષના તરૂણની ગુમ થવા અંગેની નોંધ ૧ તેના પરિવાર દ્વારા ગત તા. ૫-૬નાં રોજ કરવામાં આવી હતી. બાળકનું અપહરણ - થયાની કોર્ટની ગાઈડલાઈન મુજબ - પોલીસે ફરિયાદ લીધી હતી. આ અંગે - ગુનાની ગંભીરતાને જોતાં ભોગ બનનાર તરુણને કોઈ નુકસાન ન થાય તે માટે ભક્તિનગરના પીઆઈ એમ.એમ. સરવૈયાના માર્ગદર્શન હેઠળ ભક્તિનગર પોલીસ મથકના પીએસઆઈ જે.જે. ગોહિલ સાથે મહાવીરસિંહ ચુડાસમા, પ્રકાશભાઈ અને તેમની ટીમે આ બાળકને શોધવા માટે કામે લાતું. સુરેન્દ્રનગર ખાતે બાળકને જોયો હોવાની માહિતીને આધારે ભક્તિનગર પોલીસની ટીમ સુરેન્દ્રનગર પહોંચી હતી ત્યાંથી મહેસાણા અને અમદાવાદ તરફની માહિતી મળતાં આ તરૂણને શોધવા માટે અમદાવાદ રેલવે સ્ટેશને અને મહેસાણામાં તપાસ કરી હતી તે દરમિયાન આ બાળક દિલ્હી તરફ હોવાની વિગતો મળતાં ભક્તિનગર પોલીસની ટીમ દિલ્હી પહોંચી હતી. જ્યાં દિલ્હીના એરપોર્ટ, મેટ્રો સ્ટેશન તથા પહાળગંજ વિસ્તારની હોટલ તેમજ આસપાસના ટેકસી ચાલક અને રીક્ષા ચાલકોની પુછપરછના આધારે આ ગુમસુદા તરૂણની માહિતી મેળવવા માટે ભક્તિનગર પોલીસે ૧૫૦૦ કિ.મી.ની સફર કરી ૩૬ કલાકની જહેમત બાદ અંતે નોઈડા વિસ્તારમાં મેટ્રો સ્ટેશન અને ટેકસી સ્ટેન્ડ આસપાસ બાદ નોઈડા મેટ્રો રેલવે સ્ટેશનમાંથી આ બાળકને શોધી કાઢી તેને રાજકોટ લાવી તેના પરિવારને સોંપ્યો હતો. ભક્તિનગર પોલીસે ટેકનીકલ તથા હ્યુમન સોર્સિસના આધારે રાજકોટથી લઈ દિલ્હી સુધી ૩૬ કલાકમાં ૧૫૦૦ કિ.મી.ની સફર કરીને તરૂણને શોધી કાઢી પોલીસ પ્રજાની મિત્ર છે તે સુત્ર સાર્થક કરી પરિવારને બાળકને સોંપતા પરિવારજનોની આંખમાં પણ ખુશીના આસુ આવી ગયા હતાં.

# કાલાવડમાં પતિ પત્ની વચ્ચેના ઝઘડામાં પત્નીના ભાઇ પોલીસ કર્મચારી સહિતના પરિવારનો હંગામો

### ઘરમાં હાજર રહેલા પોલીસ કર્મીની બહેનના દિયર ઉપર પોલીસ કર્મચારીએ લોખંડનો પાઇપ ફટકારી માથું ફોડી નાખ્યું

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના પ્રભુજી પીપળીયા ગામમાં પતિ પત્ની વચ્ચેના ઝઘડામાં પત્નીના ભાઈ એવા પોલીસ કર્મચારી સહિતના ચાર શખ્સોએ બહેનના ઘેર પહોંચી જઈ હંગામો મચાવ્યો હતો, અને બહેનના દિયરના માથા પર પોલીસ કર્મી એ લોખંડ નો પાઈપ ફટકારી માથું ફોડી નાખ્યા ની ફરિયાદ નોંધાવાતાં ચકચાર જાગી છે.

આ બનાવની વિગત એવી છે કે કાલાવડ તાલુકાના પ્રભુજી પીપળીયા ગામમાં રહેતા અને ખેતી કામ કરતા મનસુખભાઈ મૂળજીભાઈ વાઘેલા નામના ૨૮ વર્ષના યુવાને પોતાના માથા પર લોખંડનો પાઈપ ફટકારી માથું ફોડી નાખવા અંગે ઉપલેટા તાલુકાના ખારચિયા ગામના વતની અને કાલાવડ પોલીસ મથકમાં ફરજ બજાવતા દિનેશ પુંજાભાઈ બગડા નામના પોલીસ કર્મચારી અને તેના પરિવારના ત્રણ અન્ય સભ્યો માધાભાઈ પુંજાભાઈ બગડા, ધર્મેશ માધાભાઈ બગડા, અને રમેશ માધાભાઈ બગડા સામે કાલાવડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.આ બનાવની જાહેર કરાયા આનુસાર ની વિગતો એવી છે કે ફરિયાદી મનસુખભાઈ કે જેના મોટાભાઈ પ્રવીણભાઈ વાઘેલાના લગ્ન આરોપી પોલીસ કર્મચારી દિનેશભાઈ બગડાના બહેન દમયંતીબેન સાથે થયા હતા. જ્યાં દમયંતીબેન ને ત્રાસ આપી વધુ પડતું કામ કરાવીને હેરાન પરેશાન કરવામાં આવે છે તેવું ઉપરાણું લઈને પોલીસ કર્મચારી સહિતના તમામ આરોપીઓ ગઈકાલે બહેનના સાસરે ઘસી આવ્યા હતા.

જ્યાં હાજર રહેલા દમયંતીબેન ના દિયર મનસુખભાઈ ઉપર પાઈપ વડે હુમલો કરી દીધો હતો, જેમાં તેને માથામાં પાઈપ વાગ્યો હોવાથી માથું ફૂટી ગયું હતું, અને કાલાવડની સરકારી હોસ્પિટલમાં માથામાં ત્રણ ટાંકા લેવા પડ્યા હતા. આખરે મામલો પોલીસ મથકમાં લઈ જવાયો હતો, અને કાલાવડ ના પી.એસ.આઈ જે.એસ. ગોવાણી અને તેઓની ટીમના મયુરસિહ જાડેજા, ધાનાભાઈ મોરી સહિતની પોલીસ ટુકડીએ કાલાવડની સરકારી હોસ્પિટલ તેમજ બનાવના સ્થળે દોડી ગયા બાદ આરોપી પોલીસ કર્મચારી દિનેશ બગડા સહિત ચાર આરોપીઓ સામે હુમલા સહિતની જુદી જુદી કલમો હેઠળ ગુનો નોંધ્યો છે. જે ચારેય આરોપીઓ ભાગી છૂટ્યા હોવાથી તેઓની શોધ ખોળ ચલાવાઇ રહી છે.


## જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર,

ખુમાજી કાનાભાઇ ભાણાભાઇ, ઉ.વ. આ.૬૦ ધર્મે : હિન્દુ, ધંધો : ખેતી, રહે. હલેન્ડા,

તા. જી. રાજકોટ

આ જાહેર નોટીસ આપીને જણાવવાનું કે,

મારા દાદા પુનાભાઇ મેધાભાઇ તા.૨૪/૩/૧૯૭૦ તથા દાદા વસ્તાભાઇ મેધાભાઇનું તા. ૧૫/૪/૧૯૮૨ના રોજ રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના હલેન્ડા મુકામે મૃત્યુ થયેલ છે. કાયદાકીય અજ્ઞાનતા તથા શરતચુકના કારણે અવસાન નો મૃત્યુ અંગેની કોઇ નોંધ સરકારી રેકર્ડમાં આજદીન સુધી કરવામાં આવેલ નથી. આથી અમોએ તા. ૧૫/૫/૨૦૨૫ના રોજ જન્મ-મરણની નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કમલ -૧૩ (૩) મુજબ મૃત્યુ નોંધણી કરી આપવા અંગે પ્રાંત અધિકારી અને સબ ડીવીઝન મેજીસ્ટ્રેટ શ્રી રાજકોટ શહેર-૨ જુની કલેકટર કચેરી કંપાઉન્ડ રાજકોટ સમક્ષ દાદ મળવા અમો અરજદારે જાતે અરજી કરેલ છે.

જેથી આ અંગે જણાવવાનું કે આ મરણ નોંધ સબંધે કોઇપણ ઇસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી 30 દિવસમાં લેખિત આધાર-પુરાવા સાથે સબ ડીવીઝન મેજીસ્ટ્રેટ શ્રી રાજકોટ શહેર-૨ જુની કલેકટર કચેરી કંપાઉન્ડ રાજકોટ સમક્ષ રજુ કરવા જેની સર્વે લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળ : રાજકોટ

તારીખ : ૨૪-૫-૨૦૨૫

## જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર,

ખુમાજી કાનાભાઇ ભાણાભાઇ, ઉ.વ. આ.૬૦ ધર્મે : હિન્દુ, ધંધો : ખેતી, રહે. હલેન્ડા,

તા. જી. રાજકોટ

આ જાહેર નોટીસ આપીને જણાવવાનું કે,

મારા પરદાદી મણીબેન મેધાભાઇનું તા.30/3/૧૯૭૧ તથા મેધાભાઇ ઉકાભાઇનું તા. ૨૨/૧/૧૯૫૯ના રોજ રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના હલેન્ડા મુકામે મૃત્યુ થયેલ છે. કાયદાકીય અજ્ઞાનતા તથા શરતચુકના કારણે અવસાન નો મૃત્યુ અંગેની કોઇ નોંધ સરકારી રેકર્ડમાં આજદીન સુધી કરવામાં આવેલ નથી. આથી અમોએ તા. ૧૫/૫/૨૦૨૫ના રોજ જન્મ-મરણની નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કમલ -૧૩ (૩) મુજબ મૃત્યુ નોંધણી કરી આપવા અંગે પ્રાંત અધિકારી અને સબ ડીવીઝન મેજીસ્ટ્રેટ શ્રી રાજકોટ શહેર-૨ જુની કલેકટર કચેરી કંપાઉન્ડ રાજકોટ સમક્ષ દાદ મળવા અમો અરજદારે જાતે અરજી કરેલ છે.

જેથી આ અંગે જણાવવાનું કે આ મરણ નોંધ સબંધે કોઇપણ ઇસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી 30 દિવસમાં લેખિત આધાર-પુરાવા સાથે સબ ડીવીઝન મેજીસ્ટ્રેટ શ્રી રાજકોટ શહેર-૨ જુની કલેકટર કચેરી કંપાઉન્ડ રાજકોટ સમક્ષ રજુ કરવા જેની સર્વે લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળ : રાજકોટ

તારીખ : ૨૪-૫-૨૦૨૫